dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 339 | AD - 2024, Bhadarva Sud -10 | Friday, Dt.13-09-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### દેશના ૩૮૮ જિલ્લાઓમાંથી ૪૭ હજારથી વધુ પ્રતિભાવો મળ્યા

# ૯૦% નાગરિકોનું મોદી સરકારના નવા વકફ બિલને સમર્થન : સર્વે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૨

દેશના ૪૭,૦૦૦થી વધુ લોકો પર કરવામાં આવેલા નવા સર્વેક્ષણમાં જાણવા મળ્યું કે, ૧૦ માંથી ૯ નાગરિકોએ વકફ કાયદામાં સુધારો કરવાના બિલને સમર્થન દર્શાવ્યું છે. ૧૨ સપ્ટેમ્બરના રોજ જાહેર કરવામાં આવેલા સર્વેમાં જણાવાયું હતું કે, ઓછામાં ઓછા ૯૬ ટકા ઉત્તરદાતાઓ ઈચ્છે છે કે, વકફ બોર્ડ ફરજિયાતપણે વકફ મિલકતોની નોંધણી જિલ્લા કલેકટર્સ પાસે કરે અને મિલકતોના ઉપયોગ અંગે તેમનો અભિપ્રાય હોય. લોકલ સર્કલ્સ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણને ભારતના ૩૮૮ જિલ્લાઓમાં ફેલાયેલા નાગરિકો તરફથી ૪૭,૦૦૦થી વધુ પ્રતિસાદ મળ્યા છે. મોટાભાગના ઉત્તરદાતાઓ, ૩૪,૫૪૦ હિંદુ છે જયારે ૭,૨૧૩ મુસ્લિમ છે. ખ્રિસ્તીઓ દ્વારા ૧,૫૦૮ પ્રતિભાવો અને અન્ય ધર્મો અથવા અજાણ્યા ધર્મોના લોકો દ્વારા ૩,૦૮૭ પ્રતિભાવો આપવામાં આવ્યા છે. ટૂંકમાં, સર્વેક્ષણમાં સામેલ ૧૦ માંથી ૯ નાગરિકો સામાન્ય મુસ્લિમોની ભાગીદારી સાથે વકફ બોર્ડની વધુ પારદર્શક કામગીરી માટે વકફ કાયદામાં સુધારો કરવાના સરકારના પગલાના સમર્થનમાં છે. સર્વેમાં જણાવાયું છે કે, વાસ્તવમાં ૯૬ ટકા નાગરિકો ઈચ્છે છે કે વકફ એકટમાં સુધારો કરવામાં આવે જેથી વકફ બોર્ડે ફરજિયાતપણે જિલ્લા કલેકટરો પાસે વકફ મિલકતોની નોંધણી કરાવવી જોઈએ અને તેઓ ઈચ્છે છે કે વકફ મિલકતોના ઉપયોગમાં તેમની પણ ભૂમિકા હોય.



આ ઉપરાંત સર્વેમાં સામેલ ૯૩ ટકા નાગરિકો ઈચ્છે છે કે, વકફ એકટમાં સુધારો કરવામાં આવે જેથી મિલકતના વિવાદોના નિરાકરણની પ્રક્રિયા વકફ ટ્રિબ્યુનલને બદલે ડિસ્ટ્રીકટ કોર્ટ, હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ દ્વારા થાય, એમ તારણો જણાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારનું વકફ (સુધારા) બિલ ૨૦૨૪, જેને કેન્દ્રીય મંત્રી કિરન રિજિજુ દ્વારા ૮ ઓગસ્ટના રોજ સંસદના છેલ્લા સત્રમાં રજૂ કરવામાં આવ્યું હતું, તેને વિરોધ પક્ષોના વાંધાઓનો સામનો કરવો પડયો હતો, જેના કારણે સરકારે તેને પાછું ખેંચ્યું હતું. વ્યાપક તપાસ માટે સંયુકત સંસદીય સમિતિને મોકલવામાં આવ્યું છે. ભાજપના લોકસભા સાંસદ જગદંબિકા પાલની અધ્યક્ષતામાં સમિતિની બે બેઠકો થઈ ચૂકી છે. બંને બેઠકોમાં વિપક્ષી સાંસદો અને ભાજપના સભ્યો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ૪૦થી વધુ સુધારાઓ સાથે, નવા બિલમાં હાલના વકફ એકટ, ૧૯૯૫ - વકફ બોર્ડનું સંચાલન કરતા કાયદાની કેટલીક કલમોને રદ કરવાનો પ્રસ્તાવ છે. અન્ય પરિવર્તન ઉપરાંત બિલ વર્તમાન કાયદામાં દૂરોગામી ફેરફારોની હિમાયત કરે છે, જેમાં કેન્દ્રીય અને રાજય વકફ સંસ્થાઓમાં મુસ્લિમ મહિલાઓ અને બિન-મુસ્લિમોનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવાનો સમાવેશ થાય છે. તેના ઉદેશ્યો અને કારણોના નિવેદન અનુસાર, વકફ (સુધારા) બિલ ૨૦૨૪ બોર્ડની સત્તાઓ સાથે સંબંધિત વર્તમાન કાયદાની કલમ ૪૦ દૂર કરવાનો પ્રયાસ કરે છે, જેમાં મિલકત વકફ છે કે સરકારી જમીન છે તે નક્કી કરવાની સત્તા છે. આ બિલ જિલ્લા કલેકટરને મિલકત વકફ છે કે સરકારી જમીન છે તે અંગેના વિવાદોને ઉકેલવાની સત્તા આપે છે. સૂચિત કાયદો હાલના વકફ એકટ, ૧૯૯૫માં નવી કલમો ૩એ, ૩બી અને ૩સી દાખલ કરે છે, જે વકફની રચના માટે શરતો સૂચવે છે. પ્રસ્તાવિત અધિનિયમની કલમ ૩એ મુજબ, કોઈપણ વ્યકિત વકફ બનાવી શકતો નથી સિવાય કે તે મિલકતનો કાયદેસર માલિક ન હોય અને આવી મિલકતને ટ્રાન્સફર કરવા અથવા તેને સમર્પિત કરવામાં સક્ષમ ન હોય. આ બિલમાં બોહરા અને અગાખાની સમુદાયો માટે અલગ બોર્ડનો પણ પ્રસ્તાવ છે. મુસ્લિમોમાં શિયાઓ અને પછાત વર્ગોના પ્રતિનિધિત્વની પણ જોગવાઈ છે.

# અમરેલીમાં તા.૨૦મીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું થશે આગમન

અમરેલી,તા.૧૨

ગુજરાતમાં પ્રધાનમંત્રી મોદીનું આગામી તા.૧૬ અને તા.૧૭ના રોજ આગમન થઈ રહ્યુ છે ત્યારે પ્રધાનમંત્રીના આગમન બાદ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તા. ૨૦ સપ્ટેમ્બરના રોજ અમરેલી જિલ્લામાં આગમન કરશે. આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તા.૨૦મીએ સવારના ૯ કલાકે અમરેલીમાં પધારશે. અમરેલી શહેરમાં ચાર કામોનું ખાતમુહૂર્ત અને



લોકાર્પણ કરશે જેમાં ખાસ કરીને અદ્યતન બસ સ્ટેશન, રાજમહેલ હેરીટેઝ, ફાયર ઓફિસ અને સ્પોર્ટ્સ સંકુલનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવશે. મુખ્યમંત્રીના હસ્તે અદ્યતન બસ સ્ટેશનનું લોકાર્પણ થયા બાદ મુસાફરોની સુવિધામાં વધારો થશે. અમરેલીમાં વિકાસના કામો ખુલ્યા મુકયા બાદ મુખ્યમંત્રી સાવરકુંડલા, રાજુલા અને ધારી મુકામે થશે. જેમાં રાજુલા ખાતે તિરંગા ચોકમાં રાષ્ટ્રધ્વજ ફરકાવી ફલેગ માર્ચ કરશે તેમજ વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ કરશે. ધારી મુકામે ડીવાયએસપી કચેરીનું લોકાર્પણ કર્યા બાદ આંબરડી સફારી પાર્કની મુલાકાત કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમરેલી જિલ્લામાં પધારવાના

**જિલ્લામાં ૩૦૦ કરોડથી વધારે વિકાસના કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ થશે**

હોય ત્યારે જિલ્લાના વહીવટી તંત્ર અને પોલીસ તંત્રમાં ધમધમાટ જોવા મળી રહ્યો છે. મુખ્યમંત્રી જિલ્લામાં અંદાજે ૩૦૦ કરોડથી વધારે વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. મુખ્યમંત્રીના આગમનથી જિલ્લાના વિકાસકામોને વેગ મળશે અને લોકોની સુવિધામાં વધારો થશે.

# કોલકાતામાં ડોકટરો અને સરકારની વાતચીત વચ્ચે મુખ્યમંત્રી મમતા રાજીનામુ આપવા તૈયાર

કોલકાતા,તા.૧૨

બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ગુરુવારે સાંજે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, હું તે લોકોની માફી માંગવા માગુ છું જેઓ વિચારતા હતા કે આજે ડોક્ટરો અને સરકાર વચ્ચે વાતચીત થશે અને આ આંદોલનનો ઉકેલ મળી જશે. જો લોકો ઈચ્છે તો હું રાજીનામું આપવા તૈયાર છું. હું આરજી કર મેડિકલ કોલેજના રેપ-મર્ડર કેસમાં પણ ન્યાય ઈચ્છું છું. તેણે કહ્યું કે મેં વિરોધ કરી રહેલા ડોક્ટરોની બે કલાક સુધી રાહ જોઈ, પરંતુ તેઓ વાત કરવા તૈયાર ન



હતા. જુનિયર ડોક્ટરોએ તેમનું કામ બંધ કરી દીધું હોવાને કારણે અત્યાર સુધીમાં ૨૭ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ૭ લાખથી વધુ દર્દીઓની હાલત કથળી રહી છે. આમ છતાં હું તેમની સામે કોઈ કાર્યવાહી નહીં કરું, વડીલ હોવાના નાતે મેં તેમને માફ કરી દીધા છે. મમતાએ એમ પણ કહ્યું કે, આરજી કાર મેડિકલ કોલેજમાં બળાત્કાર-હત્યાનો કેસ કોર્ટમાં છે, આવી સ્થિતિમાં અમે આ મીટિંગના લાઈવ સ્ટ્રીમિંગને મંજૂરી આપી શકીએ નહીં. અમે આ મીટિંગનું વીડિયો રેકોર્ડિંગ કરવાની તૈયારી કરી હતી, જો ડોક્ટરો ઈચ્છતા હોત તો અમે સુપ્રીમ કોર્ટની પરવાનગી લઈને તેમની સાથે આ રેકોર્ડિંગ શેર કર્યું હોત. હકીકતમાં બંગાળમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા જુનિયર ડોક્ટરોને મમતા સરકારે બેઠક માટે બોલાવ્યા હતા, પરંતુ આજે પણ તબીબોએ સરકાર સાથે વાત કરી નથી. ડોક્ટરો મીટિંગના લાઈવ ટેલિકાસ્ટની શરત પર અડગ રહ્યા હતા, જ્યારે સરકાર તેની સાથે સહમત ન હતી.

# મણિપુરમાં અસામાજિક તત્વોએ આરોગ્ય કેન્દ્રને સળગાવી દીધુ

ઈમ્ફાલ,તા.૧૨

મણિપુરના જીરીબામ જિલ્લાના બોરોબેન્કામાં બુધવારની રાત્રે લગભગ ૧૨.૫૦ વાગ્યે બદમાશોએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આગ ચાંપી હતી. આ ઘટના પોલીસ મથકથી માત્ર ૧૫૦ મીટર દૂર બની હતી. આમાં કોઈ જાનહાનિના સમાચાર નથી. આ ઘટના પાછળ કુકી સમુદાયના લોકોનો હાથ હોવાની આશંકા છે. સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓના ગુસ્સાથી ઘેરાયેલા મણિપુરની રાજધાની ઈમ્ફાલમાં સ્થિતિ તણાવભરી છે. એક દિવસ અગાઉ થયેલી હિંસા બાદ ઈમ્ફાલ પૂર્વ અને પશ્ચિમમાં કર્ફ્યુ ચાલુ છે. મૈતેઈ પ્રભુત્વ ધરાવતા ૫ જિલ્લાઓમાં ઈન્ટરનેટ બંધ છે. CRPF ડીઆઈજીનું કહેવું છે કે પરિસ્થિતિ તંગ છે, પરંતુ નિયંત્રણમાં છે. વિરોધ કરી રહેલા મોટાભાગના વિદ્યાર્થીઓ તેમના ઘરે છે. બીજી તરફ ઈમ્ફાલમાં તણાવ વચ્ચે રાજ્યપાલ એલ. આચાર્ય આસામની મુલાકાતે ગયા હતા. ખપેખરમાં તેમની પાસે મણિપુરનો વધારાનો હવાલો છે. ગઈકાલે ઈમ્ફાલમાં સુરક્ષા દળો સાથેની હિંસક અથડામણમાં લગભગ ૧૦૦ વિદ્યાર્થીઓ ઘાયલ



થયા હતા. આ પ્રદર્શનમાં ઈમ્ફાલ ખીણની ૧૦૦થી વધુ સ્કૂલો અને કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જો કે, કર્ફ્યુ હોવા છતાં, લગભગ ૩૦૦ વિદ્યાર્થીઓ ઈમ્ફાલ પશ્ચિમના ઈમા માર્કેટમાં ભેગા થયા છે. મીડિયાએ વિદ્યાર્થી નેતા દિજેન તાલેખ માયુમ સાથે વાત કરી, જેઓ વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરે છે. તેઓ ધનામંજુરી યુનિવર્સિટીમાં વિદ્યાર્થી સંઘના જનરલ સેક્રેટરી છે. તેમણે કહ્યું કે અમે લાંબી લડાઈની તૈયારી કરી રહ્યા છીએ. અમે બાંગ્લાદેશમાં વિદ્યાર્થીઓની તાકાત જોઈ છે. છેલ્લા ૧૬ મહિનામાં રાજ્ય બરબાદ થઈ ગયું છે, તેથી રાજ્યપાલ દ્વારા અમારી માંગણીઓ સંતોષાયા પછી જ અમે ઘરે પરત ફરીશું. કારણ પૂછ્યું તો તેમણે જણાવ્યું કે કુકી આતંકવાદીઓ ડ્રોન હુમલા કરી રહ્યા છે, સરકાર સુરક્ષા આપવા સક્ષમ નથી. અમારા માતા-પિતા પ્રદર્શન કરીને થાકી ગયા છે. ક્યારેક કર્ફ્યુના કારણે તો ક્યારેક હિંસાના કારણે બજાર બંધ રહે છે. સ્કૂલો-કોલેજો ખુલી છે, પણ ત્યાં ભણવા કેવી રીતે જવું? આવી સ્થિતિમાં અમે પોતાને બચાવવા માટે નહીં ઉતરીએ તો કોણ કરશે? જો કે અમુક અસામાજિક તત્વોને કારણે મણિપુર હિંસાની આગમાં હોમાયુ છે.







# પ્રધાનમંત્રી મોદી CJIના ઘરે ગણપતિ પૂજામાં સામેલ થયા



ન્યુ દિલ્હી,તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે નવી દિલ્હી સ્થિત ભારતના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડના ઘરે ગણપતિ પૂજા સમારોહમાં સામેલ થયા, આ દરમિયાન પીએમ નરેન્દ્ર મોદી CJI ડીવાય ચંદ્રચૂડ અને તેમનાં પત્ની સાથે ભગવાન ગણેશની આરતી કરતા અને પૂજા કરતા જોવા મળ્યા. વડાપ્રધાને પૂજા સમયે પારંપરિક મહારાષ્ટ્રીય ટોપી પહેરી હતી. જોકે મહારાષ્ટ્રમાં ગણેશ પૂજા સૌથી વધારે પ્રખ્યાત છે. આવી સામાન્ય વાતને લઈને વિપક્ષી આગેવાનો જસ્ટિસ ચંદ્રચૂડ અને મોદીના મળવાને લોકતંત્ર માટે જોખમ માની રહ્યા છે.



# લીલીયા મોટામાં ગટર સમસ્યા મામલે વિપુલ દુધાતની ધારાસભ્યને રજૂઆત



લીલીયા, તા.૧૨

લીલીયા મોટા ગામમાં ગટર વ્યવસ્થાની ગંભીર સમસ્યા અંગે જિલ્લા પંચાયત સદસ્ય અને શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન વિપુલભાઈ દુધાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને પત્ર લખ્યો છે. દુધાતે પત્રમાં જણાવ્યું છે કે ૧૦ વર્ષ પહેલાં બનાવવામાં આવેલી ગટર વ્યવસ્થા હવે ગંભીર સમસ્યાઓ ઊભી કરી રહી છે. તેમના જણાવ્યા મુજબ, "જ્યાં સુધી ગ્રામ પંચાયત નિયમિત જાળવણી કરતી હતી, ત્યાં સુધી વ્યવસ્થા યોગ્ય રીતે કાર્યરત હતી પરંતુ છેલ્લા કેટલાક સમયથી યોગ્ય જાળવણીના અભાવે પરિસ્થિતિ કથળી છે." આ સમસ્યાની અસર નાવલી બજાર, મેઈન બજાર, સાઈનાથ પરા, હનુમાન પરા અને અન્ય રહેણાંક વિસ્તારોમાં જોવા મળી રહી છે. ગટરનું ગંદુ પાણી રસ્તાઓ પર ફેલાઈ રહ્યું છે, જેના કારણે કાદવ-કીચડ થઈ રહ્યો છે. આ પરિસ્થિતિએ સ્થાનિક વેપાર પર નકારાત્મક અસર પાડી છે, કારણ કે ગ્રાહકો ખરીદી માટે આવવાનું ટાળી રહ્યા છે. આ સ્થિતિથી રોગચાળો ફેલાવાનું જોખમ પણ ઊભું થયું છે. તેમણે ધારાસભ્ય કસવાલાને વિનંતી કરી છે કે તેઓ જિલ્લા અને તાલુકા અધિકારીઓ સાથે મળીને સ્થળ તપાસ કરે અને આ સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ લાવે.

# સા.કુંડલાના જેસર રોડ પર આવેલી સોસાયટીઓમાં ગટરના ગંધાતા પાણી



અમરેલી,તા.૧૨

સાવરકુંડલા શહેરમાં આવેલા જેસર રોડ ઉપર રેસિડેન્સી વિસ્તાર આવેલો છે, જ્યાં મંગલમ સોસાયટી, પટેલ સોસાયટી સહિત આસપાસના સોસાયટી વિસ્તારમાં ગટરના ગંદા પાણી ઉભરાઈ રહ્યા છે. જેથી રહીશો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. હાલ ચોમાસાની ઋતુ હોવાને કારણે રોગચાળો પણ ફાટે તેવી ભીતિ સર્જાઈ છે. ત્યારે રહિશોએ આ સમસ્યામાંથી છુટકારો મેળવવા પાલિકાને રજૂઆત કરી છે. આ વિસ્તારમાં દુર્ગંધ મારતા ગંદા પાણી જોવા મળી રહ્યા છે, જેના કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. નગરપાલિકામાં સ્થાનિક લોકોએ રજૂઆતો કરી છે કે, તાકીદે આ ગટરના પાણી ઉભરાવાની સમસ્યામાંથી મુક્તિ આપે. છેલ્લા કેટલાક મહિનાઓથી આ ગટરની સમસ્યા વકરી રહી છે. પાણી ઉભરાવાની સમસ્યાને પગલે રહિશોમાં નગરપાલિકા સામે નારાજગી જોવા મળી રહી છે.

# સાવરકુંડલામાં ઝૂંપડપટ્ટી વિસ્તારના બાળકો માટે સ્વસ્થ બાળક સ્પર્ધા યોજાઈ



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલા શહેરમાં રાષ્ટ્રીય પોષણ મિશન (NNM) અંતર્ગત શહેરી ઝૂંપડપટ્ટી વિસ્તારના બાળકો માટે સ્વસ્થ બાળક સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું. આંગણવાડી કાર્યકરો દ્વારા બાળકોની ઊંચાઈ અને વજન માપીને તેમના પોષણ અને વિકાસના સ્તરનું મૂલ્યાંકન કરવામાં આવ્યું.

# ધો. ૧૨ની બોગસ માર્કશીટ બનાવનારા રાજુલાના યુવકનું એસિડ પીધા બાદ સારવારમાં મોત

**અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા**

રાજુલા, તા.૧૨

રાજુલામાં ડોળીના પટમાં રહેતા રજાકભાઈ કરીમભાઈ લક્ષ્ય (ઉ.વ.૬૦)એ જાહેર કર્યા મુજબ, તેમના પુત્ર રિઝવાન (ઉ.વ.૩૨)એ તેના પરફેક્ટ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્પ્યુટર ટેકનોલોજી નામના કોમ્પ્યુટર ક્લાસીસમાં કોઈ મહિલાની ધોરણ-૧૨ ની ખોટી કેરલા બોર્ડની માર્કશીટ બનાવી હતી. બાબતે મરણજનારને તા.૩૦/૦૮/૨૦૨૪ ના રોજ રાજુલા પોલીસ સ્ટેશન ખાતે પૂછપરછ માટે બોલાવ્યો હતો અને બાદ તા.૩૧/૦૮/૨૦૨૪ ના રોજ જરૂરી આધાર-પુરાવા સાથે હાજર રહેવાનું કહ્યું હતું. તેના વિરૂદ્ધમાં ખોટી માર્કશીટ બનાવ્યા બાબતેનો ગુનો દાખલ થશે તો પોતાની આબરૂ જશે અને બદનામી થશે તે વાતનું તેને મનમાં લાગી આવતા મરણજનારે તા.૩૧/૦૮/૨૦૨૪ ના રોજ સવારના આઠ વાગ્યે પોતાના ઘરે પોતાની મેળે એસિડ પી' લેતા સારવાર દરમિયાન તા.૦૯/૦૯/૨૪ના રોજ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે મરણ પામ્યો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.કે. વરૂ વધુ તપાસ કરી રહ્યા છે.

# ધજડી ગામે પત્ની સાથે ઝઘડા બાદ ઝેરી દવા પીનારા પતિનું મોત

**દાહોદના જલાયગામનો પરિવાર મજૂરી અર્થે આવ્યો હતો**

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલાના ધજડી ગામે વાડીએ રહેતા એક યુવકને તેની પત્ની સાથે ઝઘડો થયો હતો. જેને લઈ માઠું લાગી આવતાં ઝેરી દવા પી લીધી હતી. જેથી સારવાર દરમિયાન મરણ પામ્યો હતો. દાહોદના ફતેપુરના જલાયગામના અને ધજડી ગામે કનુભાઈ સભાયાની વાડીએ રહેતા મોહનભાઈ લાલાભાઈ પારઘી (ઉ.વ.૫૨)એ જાહેર કર્યા મુજબ, તેમના પુત્ર ધર્મેશને તેની પત્ની સાથે ઝઘડો થતાં માઠું લાગી આવ્યું હતું. જેથી તેમણે પોતાની જાતે ઝેરી જંતુનાશક દવા પી લેતા સારવારમાં મરણ પામ્યા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ વાય. એસ. વનરા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરા શાકમાર્કેટમાં રેકડી ધારકોનું દબાણ : ગ્રાહકો અને વેપારીઓ મુશ્કેલીમાં

**શહેરમાં આવેલી શાકમાર્કેટમાં પડતી સમસ્યાથી ગ્રાહકો ત્રાહિમામ**

બગસરા, તા.૧૨

બગસરા નગરપાલિકા સંચાલિત અલીપીર શાકમાર્કેટમાં રેકડી ધારકોના વધતા દબાણે ગંભીર સમસ્યા ઊભી કરી છે. માર્કેટના બંને બાજુના હલાણ પર રેકડી ધારકોએ કબજો જમાવતા, ગ્રાહકો અને સ્થાયી વેપારીઓ બંને મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. શહેરની આ એકમાત્ર શાકમાર્કેટમાં રોજ મોટી સંખ્યામાં ગ્રાહકો આવે છે. પરંતુ હાલમાં, માર્કેટના પ્રવેશદ્વાર નજીક અને હલાણો વચ્ચે ગેરકાયદેસર રીતે ઊભા રહેતા રેકડી ધારકોના કારણે ગ્રાહકોને અંદર પ્રવેશવામાં પણ મુશ્કેલી પડી રહી છે. એક સ્થાનિક વેપારીએ જણાવ્યું કે, "અમે ઊંચી ડિપોઝિટ ભરીને અહીં સ્ટોલ્સ મેળવ્યા છે અને નિયમિત ભાડું તથા કર ચૂકવીએ છીએ. પરંતુ આ રેકડી ધારકો અમારા ધંધાને નુકસાન પહોંચાડી રહ્યા છે." વેપારીઓનો આરોપ છે કે નગરપાલિકાના કેટલાક અધિકારીઓ આ રેકડી ધારકોને ગેરકાયદેસર પરવાનગી આપી રહ્યા છે. જ્યારે આ મુદ્દે પાલિકા પ્રમુખનો સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેમણે જવાબદારી સ્વીકારવાને બદલે વેપારી અગ્રણીઓ પર આરોપ મૂક્યો કે તેઓ જ આ રેકડી ધારકોને હટાવવાની કાર્યવાહીમાં અવરોધ ઊભો કરે છે. સ્ટોલ ધારકોએ ચેતવણી આપી છે કે જો આ સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો તેઓ ભાડું અને વેરો ચૂકવવાનું બંધ કરી દેશે.



તસવીર : હાર્દિક બામટા

# ધારી વિધાનસભા વિસ્તાર માટે રૂા.૧૦.૪૫ કરોડના બે માર્ગ મંજૂર



અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લામાં ભારે વરસાદને કારણે માર્ગો બિસ્માર બની ગયા છે ત્યારે માર્ગોના નવિનીકરણની તાતી જરૂરીયાત છે.

ધારી વિધાનસભામાં માર્ગો મંજૂર થાય તે માટે ધારાસભ્ય જે.વી.કાકડીયાએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને રજૂઆત કરી હતી. જેથી મુખ્યમંત્રી દ્વારા બે માર્ગો મંજૂર કરવામાં આવ્યા છે. જેમાં ભાડથી નાના વિસાવદરના પાટીયા સુધી અંદાજે ૨.૫૦ કિ.મી. માર્ગ માટે રૂા.૨.૯૫ કરોડ અને કડાયાથી શાપર રોડ અંદાજે ૮ કિ.મી. સુધીનો માર્ગ રૂા.૭.૫૦ કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવ્યો છે. આમ, રૂા.૧૦.૪૫ કરોડના ખર્ચે બે માર્ગો મંજૂર થતા ગ્રામ્ય વિસ્તારના લોકોને ખખડધજ રસ્તાથી રાહત મળશે. આ તકે ગ્રામજનોએ ધારાસભ્યનો આભાર માન્યો હતો.

# લીલીયા મોટાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં NCCનો પ્રારંભ



લીલીયા, તા.૧૨

લીલીયા મોટાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે એનસીસીનો પ્રારંભ થયો છે. પ્રિન્સિપાલ ડો. રાજેન્દ્રસિંહ રાઠોડની યાદી મુજબ, ૩૦ બહેનો-ભાઈઓને એનસીસીમાં જોડાવા માટેની વિપુલ તક પૂરી પાડવામાં આવી હતી અને વિદ્યાર્થીઓ, પ્રોફેસર, લીલીયા વિસ્તારના લોકોમાં ખુશીનો માહોલ છવાયો છે. આ કોલેજમાં વિવિધ પ્રવૃત્તિઓ શરૂ થવા લાગી છે. જેની સાથે સાથે એનસીસી અને એનએસએસ, રમતગમત, સપ્તધારા, ઉદિસા જેવી સાહસિક પ્રવૃત્તિઓ, અભ્યાસની સાથે સાથે સેવા, સહકાર, ભારતીયતા, આત્મનિર્ભરતા, બહાદુરી વગેરે કૌશલ્યો ખીલે છે.

# સા.કુંડલાના શેલણા, ઠવી, વીરડી, ભોંકરવા ગામને જોડતા રસ્તાના નવીનીકરણ કાર્યનું ખાતમુહૂર્ત

**રૂ.૪.૫ કરોડના ખર્ચે થનાર નવીનીકરણ કાર્યનું ખાતમુહૂર્ત કરાયું**



સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલા તાલુકાના શેલણા, ઠવી, વીરડી, ભોંકરવા ગામને જોડતા રસ્તાનું રૂપિયા ૪.૫ કરોડના ખર્ચે થનાર નવીનીકરણ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ દરમિયાન જિલ્લા પંચાયત સદસ્ય પુનાભાઈ ગજેરા, તાલુકા ભાજપ અધ્યક્ષ જીવનભાઈ વેકરીયા, તાલુકા પંચાયત સદસ્ય પ્રમોદભાઈ રંગાણી, જશુભાઈ ખુમાણ, અશોકભાઈ ખુમાણ, સરપંચ દેવજીભાઈ કાછડિયા, મુકેશભાઈ રાદડીયા ઉપસ્થિત રહ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
DUNIYA KI SARVOTTAM Fi ENGINE TECHNOLOGY
AB HAR HF DELUXE MEIN.



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314

અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી

ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શ્યુરન્સ પોલીસી

શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ




મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# બગસરાની સરકારી કચેરીઓમાં અંધેરી નગરી અને ગંડુ રાજા જેવો ઘાટ

બગસરા,તા.૧૨

બગસરાની મામલતદાર કચેરીમાં સવારના સમયે અરજદારો સમયસર આવી જાય છે પરંતુ અધિકારીઓ સમયસર આવવામાં આળસ કરી રહ્યા હોય તેવું લાગે છે. બગસરાની અનેક કચેરીઓમાં કર્મચારીઓ સમયસર ઉપસ્થિત થતા ન હોવાથી અરજદારોને કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવું પડે છે. તાજેતરમાં જ બગસરાની મામલતદાર કચેરીમાં આવું ચિત્ર જોવા મળ્યું હતું. જેમાં કચેરી સાડા દસ વાગે શરૂ થતા જ અરજદારો પોતાના કામ માટે લાઈન બનાવી ઊભા રહી ગયા હતા. પરંતુ મામલતદાર કચેરીના કર્મચારીઓ કે અધિકારીઓ ૧૧ વાગ્યે પણ કચેરીમાં પહોંચ્યા ન હતા. જેને કારણે બહારથી આવતા અરજદારોમાં રોષ જોવા મળી રહ્યો હતો. આ ઉપરાંત અરજદારોને જવાબ આપવામાં પણ અધિકારીઓ દ્વારા તોછડું વર્તન કરવામાં આવતું હોય તેવી પણ ફરિયાદો લોકોમાંથી ઊઠી છે. સરકારની ઢીલી નીતિને કારણે મામલતદાર કચેરીના કર્મચારીઓ બેફામ બની ગયા હોય તેને પોતાને ફરજનું ભાન કરાવવા ઉચ્ચ અધિકારીઓ રસ લે તેવી લોકો માંગણી કરી રહ્યા છે.



તસવીર : હાર્દિક બામટા

# સાવરકુંડલાનાં હાડીડા ગામ નજીક બસ-બોલેરો વચ્ચે અકસ્માત સર્જાયો

**ઘાયલોને તાત્કાલિક સારવાર અર્થે મહુવા હોસ્પિટલ ખાતે ખસેડાયા**

અમરેલી, તા.૧૨

સાવરકુંડલાનાં હાડીડા ગામ નજીક બોલેરો અને બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જાણવા મળતી માહિતી મુજબ સાવરકુંડલાના હાડીડા ગામ નજીક મારૂતિનંદન હોટલ પાસે એસ.ટી. બસ અને બોલેરો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. સાવરકુંડલા-મહુવા રૂટની બસ મહુવા તરફ જતી હતી ત્યારે સામેથી આવતા બોલેરો સાથે અથડાઈ હતી. જેથી બોલેરોમાં મુસાફરી કરી રહેલા હેતલબેન વિપુલભાઈ ઉ.વ. ૩૦ સહિતનાં ૪ મુસાફરોને ઈજા થતાં મહુવા દવાખાને ખસેડવામાં આવ્યાં હતા. અકસ્માતની જાણ થતાં ખુંટવડા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી.



# આં.રા. કોન્ફરન્સમાં જૂનાગઢ કૃષિ યુનિ. નાં વૈજ્ઞાનિક અમીત પોલરાને એવોર્ડ અર્પણ

અમરેલી, તા.૧૨

આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું ગુરુકાશી યુનિ. ભટીંડા ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સનો વિવિધ ક્ષેત્રોમાંથી એગ્રીકલ્ચરનાં વૈજ્ઞાનિકો હાજર રહ્યા હતાં. જેમાં પાકનું કઈ રીતે રક્ષણ કઈ રીતે કરી શકાય તે અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી. આ કોન્ફરન્સમાં જૂનાગઢ કૃષિ યુનિ. નાં કપાસ સંશોધન કેન્દ્રનાં ડો. એ.એમ.પોલરા કે જેઓ રાજયનાં સ્ટેટ લેવલ સંશોધન અખતરાઓનાં સંશોધનનું કાર્ય નિભાવી રહ્યા હોય ત્યારે કપાસનાં એગ્રોનોમિ અખતરાઓમાં નવીન ટેકનોલોજી અને ખેડૂતોની જરૂરીયાતોને ધ્યાને લઈ ઉમદા કામગીરી બદલ આં. રા. કોન્ફરન્સમાં યંગ સાયન્ટિસ્ટ એવોર્ડ ભારત સરકારનાં એગ્રીકલ્ચર કમીશનર ડો.પી.કે. સિંહનાં હસ્તે આપવામાં આવ્યો હતો. ડો.એ.એમ. પોલરાએ યંગ સાયન્ટિસ્ટ એવોર્ડ મેળવી જૂનાગઢ કૃષિ યુનિ.નું નામ રોશન કર્યું છે.



**ધારસભ્ય જનક તળાવીયા અને અધિકારીઓની હાજરીમાં**

# રાયપર ગામના રાદડીયા પરિવારને સહાય ચૂકવાઈ

**એસડીઆરએફ ફંડમાંથી રૂ.૧૨ લાખની માનવ મૃત્યુ સહાય ચેકથી ચૂકવવામાં આવી**

અમરેલી,તા.૧૨

ગત તાઃ૨૮/૮/૨૦૨૪.ના રોજ ગોંડલ તાલુકાના મોટી ખીલોરી ગામે ભારે વરસાદના કારણે સર્જાયેલ કુદરતી આફતને કારણે બાબરા તાલુકાના રાયપર ગામના વતની જયરાજભાઈ રાદડીયા, સોનલબેન રાદડીયા, ધર્મ રાદડીયાનું પાણીમાં ડૂબી જવાથી અવસાન થયેલ જે અન્વયે સરકારની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ ગુજરનાર વારસદારને સરકારના એસ ડીઆરએફ ફંડમાંથી રૂ.૧૨ લાખની માનવ મૃત્યુ સહાય ચેકથી ચૂકવવામાં આવેલ. આ તકે લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, ગોંડલ વિસ્તારના મહિલા ધારાસભ્ય ગીતાબા જાડેજાના પ્રતિનિધિ નીલેશભાઈ જેઠવા,ગોંડલ વિસ્તારના ટી.ડી.ઓ. મિલનભાઈ ઉકાવાળા,ગોંડલ તાલુકા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ ઠુંમર, જિલ્લા પંચાયતના સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, રાયપુર ગામના સરપંચ પ્રકાશભાઈ તેરૈયા, તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલિયા, તાલુકા ભાજપ મહામંત્રી રાજુભાઈ વિરોજા, હિતેશભાઈ કલકાણી, જગદીશભાઈ નાકરાણી, મહેશભાઈ ભાયાણી, તમામ આગેવાનો હાજર રહ્યા હતા.



ગોડાઉન ભાડે આપવાના છે.
જી.આઈ.ડી.સી.માં
કુલ ૩ ગોડાઉન
ભાડે આપવાના છે.
શીતલ આઈસ્કીમની બાજુમાં
અશોકભાઈ 94269 63633
તેજસભાઈ 82008 94309

# દામનગર નગરપાલિકા કચેરીમાં હોદ્દેદારોના નામ-નંબર લખવા માંગ

દામનગર, તા.૧૨

દામનગરની નગરપાલિકા કચેરી (સેવા સદન)માં પ્રમુખ, ઉપપ્રમુખ અને ચીફ ઓફિસરની ચેમ્બર બહાર બોર્ડ મૂક્યા છે, (આ બંને ચેમ્બરમાં કોણ ચીફ ઓફિસર અને પ્રમુખ ક્યારથી ક્યાં સુધી રહ્યા તે બોર્ડમાં છે) પરંતુ આ બંને ચેમ્બરની બહાર પ્રમુખ-ઉપપ્રમુખ, કારોબારી સમિતિના ચેરમેન અને ચીફ ઓફિસરના નામ લખવામાં આવે તો અહીંયાં કામ માટે આવતા અરજદારોને ખબર પડે અને સાથે-સાથે તેમના મોબાઈલ નંબર પણ લખવામાં આવે અને તમામ વોર્ડના સભ્યોના નામ અને મોબાઈલ નંબરનું બોર્ડ જાહેર જનતા માટે મૂકવામાં આવે એવી માગણી કરવામાં આવી છે. મહાનગરપાલિકાઓમાં અધિકારીઓ અને પદાધિકારીઓની ચેમ્બરની બહાર નામ લખવામાં આવે છે તે રીતે નગરપાલિકામાં પણ અધિકારી અને પદાધિકારીઓના નામ લખવામાં આવે તો નાગરિકો માટે ખૂબ જ ઉપયોગી થઈ શકે. નાગરિકો વતી આ સૂચનને સ્વીકારી યોગ્ય કાર્યવાહી થાય તેવી માગણી કરવામાં આવી છે.



# સદભાવના ગ્રુપ દ્વારા ગણેશ પેઈન્ટિંગ તથા માટીના ગણપતિની સ્પર્ધા યોજાઈ

સાવરકુંડલા,તા.૧૨

સાવરકુંડલાના સદભાવના ગ્રુપ દ્વારા ગણેશ મહોત્સવમાં બલુન ડેકોરેશનની થીમ પર દર્શન યોજાયા હતા. તેમાં દાદાને રંગબેરંગી ફુગ્ગાનો શણગાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ધોરણ ૧થી ૫ ના વિદ્યાર્થીઓ માટે ગણેશ પેઈન્ટિંગ કોમ્પિટિશન તથા ધોરણ ૫ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે માટીના ગણેશ બનાવવાની સ્પર્ધા યોજાઈ હતી, જેમાં ૨૫૦થી પણ વધારે બાળકોએ ભાગ લીધો હતો. તમામ બાળકોએ અદ્ભુત પેઈન્ટિંગ તથા માટીના ગણેશની મૂર્તિ બનાવીને પોતાની કલાકૃતિ રજૂ કરી લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. તમામ બાળકોને ૧થી ૩ નંબર તથા ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



તસ્વીર : સૌરભ દોશી

## અવસાન નોંધ

**રાજકોટ**

ઉપલેટા નિવાસ હાલ રાજકોટ સ્વ. કિશનભાઈ (ધીરૂભાઈ) ગોરધનભાઈ મારડીયા જે ભાવેશભાઈ, સાગરભાઈ તથા મનીષાબેનના પિતાશ્રી તા.૧૧-૯-૨૪ ના રોજ રામચરણ પામેલ છે. તેનું બેસણું શુક્રવાર તા.૧૩-૯-૨૪ ના રોજ તેમના નિવાસ સ્થાન સંતકબીર રોડ, રામદેવપીર મંદિરની સામે, બાલકૃષ્ણ સોસાયટી, શેરીનં.૨૭, સમયઃ ૪ થી ૬ માં રાખેલ છે. મો. ૯૨૭૪૬ ૭૩૮૨૧, ૯૯૯૮૦૨૨૮૨૯

KAKA PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય,
સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
CHEMICAL INDUSTRIES SHED IN GUJARAT
ROOF TOUCH SHEETS
2015 CERTIFIED COMPANY
GOVERNMENT DONE SITE

Gyanvi Technologies Private Limited
MAKE IN INDIA
OREVA e BIKE MILEAGE MASTI
अब पेट्रोल की टेंशन छोड़ो !
भारत में निर्मित अपनी इलेक्ट्रिक सवारी,ओरेवा ई बाइक चलाओ मगर शान से !
SPECIAL OFFER
100% Service ALL PARTS AVAILABLE
OREVA E- BIKE
offer Prize 55,999/- Rs. 59,999/-
Alish
No RTO / PUC LICENCE PETROL POLLUTION REGISTRATION
રાધે મોટર્સ ફોન : ૭૪૦૫૨ ૫૨૩૦૦
સ્ટેશન રોડ, ગોપી સીનેમાની બાજુમાં, અમરેલી.

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

એપોઈન્ટમેન્ટ માટે : Mo. 70169 65665
PROFESSIONAL spa
પ્રોફેશનલ ફેમિલી સ્પા
Since : 2018 (7 વર્ષ જુનું)
ભાઈઓ માટે Rs.1599/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
લેડીઝ માટે Rs.799/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી
Appointment Now M.8238599299
અરોમા પ્રિમીયમ બોડી સ્પા
AROMA PREMIUM BODY SPA
લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોલમેન્ટ માટે- M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલશ મુકતીધામ સામે, કેરીયારોડ, બાયપાસ ચોકડી પાસે, - અમરેલી

**૨૫થી ૩૦ નવેમ્બર ૨૦૨૪ દરમિયાન દિલ્હીમાં "ગ્લોબલ કો-ફેસ્ટસ"નું આયોજન**

# ICAના ડાયરેક્ટર જનરલ જેરોન ડગલાસનું નવી દિલ્હી ખાતે અભિવાદન કરતાં દિલીપ સંઘાણી

**આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષની ઉજવણી અંતર્ગત નવી દિલ્હીમાં યોજાયો મહત્વપૂર્ણ કાર્યક્રમ**

અમરેલી,તા.૧૨

આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષની ઉજવણીના ભાગરૂપે, આગામી ૨૫થી ૩૦ નવેમ્બર ૨૦૨૪ દરમિયાન દિલ્હીમાં "ગ્લોબલ કો-ફેસ્ટસ"નું આયોજન થનાર છે. આ મહત્વપૂર્ણ કાર્યક્રમના આયોજન સંદર્ભે NCUI હેડક્વાર્ટર ખાતે એક વિશેષ બેઠક યોજવામાં આવી હતી. બેઠકમાં ICAના ડાયરેક્ટર જનરલ જેરોન ડગલાસનું નવી દિલ્હી ખાતે સ્વાગત કરવામાં આવ્યું હતું, જેમાં દિલીપભાઈ સંઘાણી ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, બેઠકમાં ICA [AP]ના પ્રમુખ ડૉ. ચંદ્રપાલસિંહ યાદવ, NCUIના વાઈસ પ્રેસિડેન્ટ ડૉ. બિજેન્દ્રસિંહ, વરિષ્ઠ સહકારી



નેતા ડૉ. સુનિલકુમાર સિંહ, રામ ઈકબાલ સિંહ, NCBA પ્રમુખ અને NAFSCOBના MD ભીમા સુબ્રમણયમ, ICA



[AP]ના પ્રાદેશિક નિયામક શ્રી બાલુ આય્યર, NCUIના CEO ડૉ. સુધીર મહાજન (IAS), NCUIના DY.CEO સાવિત્રી સિંહ તેમજ ભારતમાં ICAના સભ્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે સંયુક્ત રાષ્ટ્રે વર્ષ ૨૦૨૫ને "રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ" તરીકે જાહેર કર્યું છે. આ નિમિત્તે, ભારતના યજમાનપદે ICA ગ્લોબલ કોન્ફરન્સ દેશની રાજધાની દિલ્હીમાં ૨૫થી ૩૦ નવેમ્બર દરમિયાન યોજાશે. આ કાર્યક્રમ અંતર્ગત વિકાસશીલ યોજનાઓ, સહકાર તાલીમ, યોજનાઓનું અમલીકરણ, જનજાગૃતિ સેમિનાર વગેરેને વૈશ્વિક સ્તરે રજૂ કરવામાં આવશે. આ ઉપરાંત, વર્તમાન અને ભાવિ આયોજનોની ચર્ચા કરવામાં આવશે, જે અનેક દેશોના રાષ્ટ્રીય સ્તરે લાગુ થઈ શકે છે. આ મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમના સફળ આયોજન માટે યોજાયેલી આ બેઠકમાં ઉપરોક્ત મહાનુભાવોની ઉપસ્થિતિ નોંધપાત્ર રહી હતી.

**સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય કૌશિક વેકરીયા અને જે.વી.કાકડીયાની હાજરીમાં**

# બગસરામાં આજે રૂ.૪૨૫ લાખના ખર્ચે બનેલા પુલનું લોકાર્પણ તથા સીસીરોડનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૧૨

બગસરા નગરપાલિકા દ્વારા આજે તા. ૧૩ના રોજ સાંજે ૪:૩૦ કલાકે વિવિધ વિકાસના કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમ યોજાનાર છે. બગસરા પાલિકા પ્રમુખ જયોત્સનાબેન રીબડીયાએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, યુડીપીની ગ્રાન્ટમાંથી



રૂા.૪૨૫ લાખના ખર્ચે ઝાંઝરીયાના રસ્તે બનેલ પુલનું લોકાર્પણ અને સીસીરોડનું ખાતમુહૂર્ત કરવામાં આવશે સાથોસાથ અમૃત-૨ અંતર્ગત રૂા.૧૮૦ લાખના ખર્ચે વોટર સપ્લાય પ્રોજેકટનું જેતપુર રોડ, પાણીના ટાંકે લોકાર્પણ કરવામાં આવશે. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, ઉદઘાટન સાંસદ ભરતભાઈ સુતરીયા અને

**રૂા.૧૮૦ લાખના ખર્ચે વોટર સપ્લાય પ્રોજેક્ટનું લોકાર્પણ કરાશે**

લોકાર્પણ ધારાસભ્ય જે.વી.કાકડીયા કરશે. શહેરના વિકાસના કામોના લોકાર્પણ પ્રસંગે નગરજનોને હાજર રહેવા પાલિકા પ્રમુખે અનુરોધ કર્યો છે.

# રાજુલાની એચ.બી.સંઘવી મહિલા કોલેજમાં 'ગુજરાતીસાડીડે'નીઉજવણી



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા.૧૨

રાજુલાની શ્રીમતી એચ. બી. સંઘવી મહિલા આટ્‌ર્સ એન્ડ કોમર્સ કૉલેજ ખાતે 'ગુજરાતી સાડી ડે'ની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ હતી. આ ઉજવણીમાં તમામ વિદ્યાર્થિનીઓ સહિત અધ્યાપકોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોલેજનાં આચાર્યા ડૉ. રીટાબેન રાવળે પ્રાર્થના સભામાં ગુજરાતની નારી શક્તિ વિશે કાવ્ય દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ.

# સાવરકુંડલામાંથી વધુ બે લોકોના મોબાઈલ ચોરાયા

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલામાંથી વધુ બે લોકોના મોબાઈલ ફોન ચોરાયાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી. શહેરની ગાયત્રી સોસાયટીમાં રહેતા મહર્ષિભાઈ રાજેશકુમાર જાની (ઉ.વ.૧૯) એ જાહેર કર્યા મુજબ, તેઓ હાથસણી રોડ પરથી પસાર થતાં હતા ત્યારે તેમના શર્ટના ખિસ્સામાંથી રૂ. ૨૯,૯૯૯ની કિંમતનો મોબાઈલ ફોન ક્યાંક પડી ગયો હતો. જેની અજાણ્યો શખ્સ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અમાનભાઈ યાસીનભાઈ કાજી વધુ તપાસ કરી રહ્યા છે. નરેન્દ્રભાઈ મંગળજીભાઈ ઉનડકટ (ઉ.વ.૫૪)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ મેઈનબજારમાં ખરીદી કરવા ગયા ત્યારે પેન્ટના ખિસ્સામાં રહેલા રૂ. ૨૭,૦૦૦ની કિંમતના મોબાઈલ ફોનની અજાણ્યો ઈસમ ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રભાઈ જીવરાજભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# કડીયાળી ગામની મહિલાને મુંબઈમાં પતિએ ગાળો બોલી મારી નાખવાની ધમકી આપી

**સસરા-દિયરે કરિયાવર મુદ્દે મેણાટોણા માર્યા**

રાજુલા, તા.૧૨

રાજુલાના કડીયાળી ગામે રહેતી એક યુવતીના લગ્ન મહારાષ્ટ્રના મુંબઈ ખાતે રહેતા યુવક સાથે થયા હતા. લગ્નજીવનના અઢી વર્ષ દરમિયાન સાસરિયાએ કરિયાવર તેમજ ઘરકામ મુદ્દે મેણાટોણા માર્યા હતા અને ગાળો બોલીને મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે કાજલબેન અશ્વિનભાઈ જીતીયા (ઉ.વ.૨૫)એ પતિ અશ્વિનભાઈ રામજીભાઈ જીતીયા, દિયર નવનીતભાઈ રામજીભાઈ જીતીયા તથા સસરા રામજીભાઈ માયાભાઈ જીતીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના સાસરિયામાં અઢી વર્ષના લગ્નજીવન દરમિયાન પતિ, સસરા તથા દિયરે અવાર-નવાર શરીરે મુંઢમાર મારી કરિયાવર તથા ઘરકામ મુદ્દે મેણાટોણા મારી શારીરિક તથા માનસિક દુઃખ-ત્રાસ આપી જેમ ફાવે તેમ બિભત્સ ગાળો બોલી તથા મારી નાખવાની ધમકી આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.બી. ઝીંઝાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રતિનિધિને દુબઈ સત્સંગ યાત્રા માટે સન્માનિત કરાયા

બગસરા,તા.૧૨

સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલ ગાદીના આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજ અને નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદથી યોજાનારા દુબઈના સત્સંગ કાર્યક્રમમાં બગસરાના પ્રતિનિધિ તરીકે જનારા નંદલાલભાઈ દલસુખભાઈ બામટાને સન્માનિત કરવામાં આવ્યા. આ કાર્યક્રમ દુબઈ મુકામે ભક્તિ અંતર્ગત દ્વિશતાબ્દી મહોત્સવના ભાગરૂપે યોજાઈ રહ્યો



છે. બામટા પૂજ્ય લાલજી મહારાજ તથા અન્ય સંતો સાથે આ યાત્રામાં જોડાશે. સમસ્ત બ્રહ્મ સમાજ બગસરાના મંત્રી તરીકેની તેમની સેવાઓને બિરદાવતા, સમાજના પ્રમુખ કિરીટભાઈ જોશી, ઉપપ્રમુખ બકુલભાઈ દીક્ષિત, સહમંત્રી હાર્દિકભાઈ બામટા તેમજ સમગ્ર કારોબારી સમિતિએ નંદલાલભાઈને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

# પતિના પરસ્ત્રી સાથે પ્રેમસંબંધથી લગ્નના એક મહિનામાં જ પરિણીતા પિયર આવી

ચલાલા, તા.૧૨

ધારીના શેલખંભાળીયા ગામે રહેતી હેતલબેન રવીરાજભાઈ કોટીલા (ઉ.વ.૨૪)એ બગસરામાં રહેતા પતિ રવીરાજભાઈ મહેશભાઈ કોટીલા, સસરા મહેશભાઈ મેરામભાઈ કોટીલા, સાસુ ચન્દ્રાબેન મહેશભાઈ કોટીલા તથા દિયર શીવરાજભાઈ મહેશભાઈ કોટીલા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેના પતિને એક મહિલા સાથે પ્રેમસંબંધ હતો. જેના લીધે તેઓ લગ્ન બાદ ૧૭-૦૧-૨૦૨૩ના રોજ એક મહિના બાદ રિસામણે આવ્યા હતા. ૨૯/૦૬/૨૦૨૪ સુધીમાં અવાર-નવાર શારીરિક અને માનસિક ત્રાસ આપી સાસુ-સસરા તથા દિયરે તેમના પતિનો સાથ આપી શારીરિક દેખાવ બાબતે ઉતારી પાડી, બિભત્સ ગાળો આપી, શારીરીક માનસિક ત્રાસ આપ્યો હતો. તેમજ કરિયાવર બાબતે અવાર-નવાર મેણાટોણા માર્યા હતા. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.ડી. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: દશમ
તા. ૧૩-૦૯-૨૦૨૪, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૦૫,
સૂર્યાસ્ત-૦૬:૨૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વાષાઢા

## દૈનિક રાશિફળ

તા.૧૩-૦૯-૨૦૨૪ શુક્રવાર

મેષ: આજે આવકના નવા સ્રોત સર્જાશે. વાણીની નરમાઈ તમને માન આપશે. શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે.

વૃષભ: આજે સંતોષ અને શાંતિનો દિવસ રહેશે. રાજકીય ક્ષેત્રે કરેલા પ્રયત્નો સફળ થશે. શાસન અને સત્તાથી ઘણા ફાયદા થઈ શકે છે.

મિથુન: આજે રોજગાર વેપારના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી તમને સંતોષજનક સમાચાર પણ મળશે.

કર્ક: આજે તમારી આસપાસનું વાતાવરણ આનંદદાયક રહેશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાંઝેક્શનની સમસ્યા ઉકેલાશે.

સિંહ: ગણેશજી કહે છે, આજે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. સાંજે કામ અટકી પડવાની સંભાવના છે. આનંદમાં સમય વિતાવશો.

કન્યા: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. સાંજથી રાત સુધી કોઈ પ્રિય વ્યક્તિને મળી શકો છો અને કોઈના સારા સમાચાર મળી શકે છે.

તુલા: આજે કોઈ કિંમતી વસ્તુ ગુમાવવી અથવા ચોરી થવાનો ભય રહેશે, તે ધ્યાનમાં રાખો. સાંજ સુધીમાં કોઈ અટકેલું કામ પૂર્ણ થઈ શકે છે.

વૃશ્ચિક: આજે તમારા સ્વાસ્થ્યમાં-ખુશીમાં થોડો ઘટાડો થઈ શકે છે. વાદ-વિવાદની સંભાવના છે, ધૈર્ય રાખો. વિરોધીઓ મુશ્કેલી લાવી શકે છે.

ધન: આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. સાથીઓ અને સહકાર્યકરો તરફથી આદર અને સહયોગ પણ પૂરતો રહેશે.

મકર: આજનો દિવસ પુત્ર અને પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં પસાર થશે. ધાર્મિક ક્ષેત્રોની યાત્રા અને ધર્માદા કાર્યોમાં ખર્ચ થઈ શકે છે.

કુંભ: આજે કોઈ શારીરિક સમસ્યા ઊભી થઈ શકે છે. જે બાબતે ડોક્ટરની સલાહ લેવી જોઈએ. પારિવારિક જીવનમાં સુમેળ અને પ્રેમ રહેશે.

મીન: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. સાંજથી રાત સુધી સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાની તકો મળશે.

# જુની કાતર ગામે ઘેટા-બકરા રસ્તામાં કેમ બેસાડો છો કહેતા ખેડૂતને કુહાડીનો ઘા માર્યો

**બચાવવા વચ્ચે પડેલી પત્ની, બહેન તથા દીકરીઓને ગાળો આપી**

રાજુલા, તા.૧૨

રાજુલાના જુની કાતર ગામે રહેતા એક ખેડૂતે ઘેટા-બકરા કેમ રસ્તામાં બેસાડો છો? ચાલવામાં તકલીફ થાય છે તેમ કહેતા તેના પર હુમલો કરવામાં આવ્યો હતો. ઉપરાંત બચાવવા વચ્ચે પડેલી પત્ની, બહેન તથા દીકરીઓને પણ ગાળો આપી હતી. બનાવ સંદર્ભે શંભુભાઈ રાજાભાઈ ચૌહાણ (ઉ.વ.૪૫)એ જોધાભાઈ લાખાભાઈ બોહરીયા, અમરાભાઈ લાખાભાઈ બોહરીયા, ધનાભાઈ રત્નાભાઈ બોહરીયા તથા વિનુભાઈ પોલાભાઈ બોહરીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ઘરની પાછળના ભાગે જાહેર રસ્તામાં જોધાભાઈ બોહરીયાએ તેના દસેક જેટલા ઘેટા-બકરા બેસાડેલ હોય જેથી તેમણે ઘેટા-બકરા રસ્તામાં કેમ બેસાડો છો? ચાલવામાં તકલીફ થાય છે તેમ કહેતા સારૂ નહોતું લાગ્યું અને ઘેટા-બકરા તો રસ્તામાં જ બેસશે તેમ કહી અન્ય ત્રણ આરોપીઓને બોલાવ્યા હતા. તેમને લાકડીનો એક ઘા પીઠમાં મારી મુંઢ ઈજા કરી હતી, તેમજ કુહાડીનો એક ઘા માથાના ભાગે મારી લોહી કાઢી ૨૦ ટાકાની ગંભીર ઈજા કરી હતી. આ સમયે તેમને મારમાંથી બચાવવા દીકરો, બહેન, પત્ની તથા દીકરીઓ વચ્ચે પડતાં તેમને પણ આરોપીઓએ જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.ડી. હડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયા મોટામાં પરિણીતાને ભગાડી જવા મુદ્દે બાપ-દીકરાએ યુવકને ધમકી આપી

લીલીયા, તા.૧૨

લીલીયા મોટામાં રહેતો યુવક એક પરિણીતાને ભગાડી ગયો હતો. જે બાબતે તેના પર હુમલો કરવામાં આવ્યો હતો અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ અંગે અજયભાઈ સુરેશભાઈ ડાભીએ મેહુલ ગોબરભાઈ ડાભી તથા ગોબરભાઈ ડાભી સામે ફરિયાદ નોંધાવી હતી. પરિણીતાને ભગાડી જવા મુદ્દે તેમને ગાળો આપી ઢીકાપાટુ માર્યા હતા. ઉપરાંત પેન્ટના નેફામાથી છરી કાઢીને મારતાં આંગળીઓમાં ઈજા થઈ હતી.


**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/ મરણ અરજી નં.૧૭૮ /૨૦૨૪

અરજદાર :- શ્રી મધુભાઈ ખોડાભાઈ ગુજરીયા
સરનામું :- મું.વારાહસ્વરૂપ, તા.જાફરાબાદ, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી, વારાહસ્વરૂપ
મું.વારાહસ્વરૂપ, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના વારાહસ્વરૂપ ગામના **શ્રી મધુભાઈ ખોડાભાઈ ગુજરીયા** એ તેમના (૧) પુત્રી નામે **શ્રી ગુજરીયા મમતાબેન મધુભાઈ નો જન્મ તા.૨૩/૦૨/૨૦૦૪ (૨) પુત્રી નામે શ્રી ગુજરીયા દયાબેન મધુભાઈનો જન્મ તા.૧૮/૦૬/૨૦૦૫ (૩) પુત્રી નામે શ્રી ગુજરીયા રીનાબેન મધુભાઈ નો જન્મ તા.૦૪/૦૧/૨૦૧૧ (૪) પુત્રી નામે શ્રી ગુજરીયા કિરણબેન મધુભાઈ નો જન્મ તા.૦૧/૦૪/૨૦૧૫ ના રોજ જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી બી. એલ.મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના **જન્મ**નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૫ માહે.સપ્ટેમ્બર સને.૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી**

**સ્થળ :- જાફરાબાદ** (કોર્ટનો સિક્કો) **તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ જાફરાબાદ**

**તારીખ :- ૦૫/૦૯/૨૦૨૪**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/ મરણ અરજી નં.૨૦૮ /૨૦૨૪

અરજદાર :- શ્રી ગીતાબેન રામભાઈ ધાપા
સરનામું :- મું.વાંઢ, તા.જાફરાબાદ, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી, વાંઢ
મું.વાંઢ, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના વાંઢ ગામના **શ્રી ગીતાબેન રામભાઈ ધાપા** એ તેમના **પતિ નામે સ્વ.શ્રી રામભાઈ પુનાભાઈ ધાપા નું મરણ તા.૦૬/૧૧/૨૦૦૫ નાં રોજ મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ભરતભાઈ એલ.મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૫ માહે.સપ્ટેમ્બર સને.૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી**

**સ્થળ :- જાફરાબાદ** (કોર્ટનો સિક્કો) **તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ જાફરાબાદ**

**તારીખ :- ૦૫/૦૯/૨૦૨૪**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/ મરણ અરજી નં.૧૦૦ /૨૦૨૪

અરજદાર :- શ્રી કાનાભાઈ બધાભાઈ વાળા
સરનામું :- મું.લોર, તા.જાફરાબાદ, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી, લોર
મું.લોર, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના લોર ગામના **શ્રી કાનાભાઈ બધાભાઈ વાળા** એ તેમના **માતા નામે સ્વ.શ્રી લાખુબેન બધાભાઈ વાળા નું મરણ તા.૨૫/૧૦/૨૦૨૦ ના રોજ મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ભરતભાઈ એલ.મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૫ માહે.સપ્ટેમ્બર સને.૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી**

**સ્થળ :- જાફરાબાદ** (કોર્ટનો સિક્કો) **તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ જાફરાબાદ**


**તારીખ :- ૦૫/૦૯/૨૦૨૪**

તંત્રી લેખ

# પશ્ચિમ બંગાળમાં અન્યાય સામે અવાજ

સત્તાનો ઉપયોગ લોક કલ્યાણ માટે અને સુરક્ષા માટે કરવો જરૂરી છે પરંતુ જ્યારે આમ થતું નથી ત્યારે જે તે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી જાય. ત્યારે રાષ્ટ્રપતિ શાસન લાદી દેવું જોઈએ તેવું બંધારણમાં કહેવામાં આવ્યું છે. પશ્ચિમ બંગાળમાં છેલ્લા ૩૩ દિવસથી રેપ અને મર્ડર કેસની બાબતમાં જુનિયર તબીબો હડતાલ પર છે આના કારણે હજારો દર્દીઓને ભારે તકલીફ પડી રહી છે. સુપ્રીમ કોર્ટે કીધું કે ડોક્ટરોએ પોતાની ફરજ પર હાજર થઈ જવું જોઈએ પરંતુ જ્યાં સુધી ન્યાય ન મળે ત્યાં સુધી આ ડોક્ટરો હાજર થવા માટે તૈયાર નથી. ડોક્ટરની વાત પણ સાચી છે. વેસ્ટ બંગાળ જુનિયર ડોક્ટર ફ્રન્ટ સંગઠને માંગ મૂકી છે કે રાજ્યમાં ૨૬ મેડિકલ કોલેજમાંથી જુનિયર ડોકટરો રાજ્ય સરકાર સાથે કોમ્પ્રોમાઈઝ કરવા માટે તૈયાર છે પરંતુ પોતાની સત્તાની ખુરશી બચાવવા માટે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ જિદ્દી વલણ અપનાવી આ વિવાદને વધુ વકરાવ્યો છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી હાલ સત્તાનો જે રીતે દુરુપયોગ કરી રહ્યા છે તે જોતા વિધાનસભાનું વિસર્જન વહેલી તકે કરવામાં આવે તે અત્યંત જરૂરી છે. જોકે આમાં બંધારણીય જોગવાઈની મર્યાદામાં રહીને પગલાં લઈ લઈ શકાય. રાષ્ટ્રપતિ ધારે તો પોતાની મનમાની કરી ફાવે તેમ સત્તાનો દુરુપયોગ કરનારા મુખ્યમંત્રીને ઘરે બેસાડી શકે છે આવી જ રીતે જ્યાં ભાજપનું શાસન નથી એ રાજ્યોમાં મુખ્યમંત્રી પૂર્વગ્રહથી વર્તી રહ્યા છે અને પ્રજા સાથે અન્યાય કરી રહ્યા છે. મુખ્યમંત્રીઓને કદ પ્રમાણે વેતરી નાખવાની સત્તા રાષ્ટ્રપતિ પાસે જ છે જેનો ઉપયોગ કરવો જરૂરી છે. વિધાનસભા વિસર્જનની માગનો પ્રશ્ન છે. આ પ્રજાની માંગ છે. આ આંદોલન અલબત્ત ન્યાય માટે છે પણ પશ્ચિમ બંગાળમાં તો સુવાંગ નેતૃત્વ મમતાનું છે. તેઓ પોતાની ખુરશી બચાવવા માટે જાણે બંગાળ ભારતનું રાજ્ય નથી તે રીતે તેઓ વર્તી રહ્યા છે તો આ વિધાનસભાનું વિસર્જન કરવું જરૂરી છે જોકે અત્યારે વિસર્જનની માંગ સુધી પહોંચવામાં ખાસો સમય લેવામાં આવી રહ્યો છે. સત્તા-પ્રતિષ્ઠાનની સંવેદનશૂન્યતાના લાંબા દોર પછી તેઓ આ માંગ સુધી પહોંચ્યા હતા. પણ ત્યારે પણ આરંભમાં એમને લાગતું હતું કે બંધારણ પ્રમાણે આ દુરસ્ત નથી. અલબત્ત, લોકતંત્રની દૃષ્ટિએ તે બિલકુલ શક્ય હોઈ શકે છે. લોકશાહીની આ અભિજાત દ્વિધામાં - સંશયનિવારણનું કામ કરવું જોઈએ. એક વખત જયપ્રકાશ નારાયણને કહ્યું હતું કે વિશ્વના અદ્વિતીય બંધારણ ટુ લોર્ડ ડાઈસીને ટાંકીને સમજાવ્યું કે તત્ત્વતઃ વિધાનસભા વિસર્જનની માંગણી એ કાનૂની સાર્વભૌમ (ઈંગ્લેન્ડના રાજા/રાણી કે ભારતના રાષ્ટ્રપતિ) તરફથી રાજકીય સાર્વભૌમ એટલે કે મતદાર જોગ અપીલ છે. રાષ્ટ્રપતિએ જનતાની અપીલને ધોરણે મંત્રીમંડળ બરખાસ્ત કરી જનતાની અદાલત સમક્ષ જવું જોઈએ. રાજકીય સાર્વભૌમ જ ચુકાદો આપે, તે બિલકુલ બંધારણીય ગણી શકાય આ વસ્તુ વર્તમાનમાં પણ લાગુ પડે છે. જે રાજ્યો પ્રજાના પ્રશ્નો સમજી ન શકે. પ્રજાની માંગને પૂરી ન કરે અને સામે થનારને કડકાઈથી દાબી દે, પ્રજા જ્યારે વિરોધ કરવા માટે મેદાનમાં આવે ત્યારે લાઠીચાર્જ કરે પાણીની બોછાર કરે છે તેની સામે કાર્યવાહી થવી જોઈએ.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સુશાસનના ત્રણ વર્ષ પૂર્ણ



મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતમાં તેમના સુશાસનના ત્રણ વર્ષ પૂર્ણ કર્યા છે. આ ત્રણ વર્ષોમાં મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલી ગુજરાતની વિકાસયાત્રાને સતત આગળ વધારી છે. તેમના મક્કમ નેતૃત્વ હેઠળ ગુજરાતે છેલ્લા ત્રણ વર્ષોમાં વિવિધ ક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. તેમના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં G૨૦ મિટિંગો તેમજ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું ૧૦મું સંસ્કરણ, બંને સફળતાપૂર્વક સંપન્ન થયા છે. તેમના નેતૃત્વ હેઠળ આજે ગુજરાત દેશનું સેમિકન્ડકટર હબ અને રિન્યુએબલ હબ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૧૧ જેટલી મહત્ત્વપૂર્ણ પોલિસી લોન્ચ કરી છે, જે ગુજરાતની પોલિસી ડ્રિવન સ્ટેટ તરીકેની છબીને વધુ મજબૂત બનાવે છે. ત્રણ વર્ષોમાં ભૂપેન્દ્રભાઈ પટેલ અને તેમની 'ટીમ ગુજરાતે' દરેક ક્ષેત્રોમાં ઝડપી વિકાસને વેગ આપ્યો છે. વડાપ્રધાને 'વિકસિત ભારત @૨૦૪૭' નું જે વિઝન આપ્યું છે, તેને 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત' ની નેમ સાથે સાકાર કરવા માટે મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર પ્રતિબદ્ધતાથી કાર્ય કરી રહી છે. મુખ્યમંત્રીના ૩ વર્ષના કાર્યકાળ દરમિયાન જાહેર કરાયેલી મહત્ત્વપૂર્ણ યોજનાઓ, પહેલ, નીતિઓ અને ગુજરાતની સિદ્ધિઓ અંગે માહિતી મેળવીએ. ત્રણ વર્ષ દરમિયાન ૧૧ મહત્વપૂર્ણ નવી નીતિઓ જાહેર કરી ૧. ગુજરાત આત્મનિર્ભર પોલિસી ૨. ગુજરાત બાયોટેક્નોલોજી પોલિસી ૩. નવી ગુજરાત IT/ITes પોલિસી ૪. ગુજરાત સ્પોર્ટ્સ પોલિસી ૫. ડ્રોન પોલિસી ૬. ગુજરાત સેમિકંડક્ટર પોલિસી ૭. ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી ૮. સિનેમેટિક ટુરિઝમ પોલિસી ૯. સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ્સ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦ (SSIP-૨.૦) ૧૦. ગુજરાત ખરીદ નીતિ ૧૧. ગુજરાત ગ્રીન હાઈડ્રોજન પોલિસી ૨૦૨. સુશાસનની સિદ્ધિઓ : ● ગુજરાતની જનતા માટે ગરવું ગુજરાત, ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગ્લોબલ ગુજરાત, ગતિશીલ ગુજરાત એમ 5Gનો સમાવેશ કરતું સર્વગ્રાહી દિશાદર્શન કરનારુ રૂ.૩.૩૨ લાખ કરોડનું બજેટ ● "અર્નિંગ વેલ, લિવિંગ વેલ" ના મંત્ર સાથે 'વિકસિત ગુજરાત @૨૦૪૭' નો રોડમેપ બનાવનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું ગુજરાત G- ગરીબો, વંચિતો, આદિવાસીઓ અને શ્રમિકોનો વિકાસ : ● રાજ્યના ૩.૮૨ કરોડ લોકોને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનામાં આવરી લેવાશે ● ૭૨ લાખથી વધુ NFSA કાર્ડધારક પરિવારોને મફત અનાજ વિતરણ ● પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગુજરાતમાં ૧૪ લાખથી વધુ આવાસોનું નિર્માણકાર્ય ● રૂ.૧ લાખ કરોડની વનબંધુ કલ્યાણ યોજના ૨.૦ અમલમાં મૂકવામાં આવી ● આગામી ત્રણ વર્ષમાં રૂ.૧૫૦૦ કરોડના ખર્ચે ૩ લાખ જેટલા શ્રમિક બસેરાનું નિર્માણ કરવાનું આયોજન Y- યુવા વિકાસ – સફળ યુવા, સમર્થ ગુજરાત : ● ભારત સરકારના સ્ટાર્ટઅપ રેન્કિંગ મુજબ ગુજરાત છેલ્લા ચાર વર્ષોથી સતત દેશમાં પ્રથમ ક્રમે ● 'કૌશલ્ય સાથે શિક્ષણ'ના હેતુ સાથે 'કૌશલ્યા - ધ સ્કિલ યુનિવર્સિટી (KSU)'ની સ્થાપના - ડ્રોન એપ્લિકેશનમાં ૯ અદ્યતન કોર્સની શરૂઆત ● મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રેરિત સરદાર પટેલ "ગુડ ગવર્નન્સ સીએમ ફેલોશીપ" કાર્યક્રમ હેઠળ ૧૮ સી.એમ. ફેલોની પસંદગી ● સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન, ૨૨ જિલ્લાઓમાં ૨૪ જિલ્લા રમત સંકુલ કાર્યરત ● ખેલ મહાકુંભ ૨.૦માં ૫૩.૬૬ લાખથી વધુ લોકોએ ભાગ લીધો ● રાજ્યના ૨૧ જિલ્લાઓના ૫૦ તાલુકાઓમાં સરકારી પુસ્તકાલયોની શરૂઆત

A- અન્નદાતાનું માન, અન્નદાતાનું ધ્યાન : ● પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનામાં ૫૮.૮ લાખ ખેડૂત કુટુંબોના ખાતામાં જમા થયા રૂ.૧૧,૦૫૮.૬ કરોડ ● ડાંગ બન્યો સૌપ્રથમ ૧૦૦% પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો ● રાજ્યના ૫૩ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીની તાલીમ મેળવી ● ૯.૮૫ લાખ ખેડૂતો ૮.૪૫ લાખ એકરથી વધુ જમીન પર સક્રિય રીતે પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે ● નેનો યુરિયાનો વધ્યો વ્યાપ, ૫૬.૬૫ લાખ જેટલી નેનો યુરિયાની (૫૦૦ મીલિ) બોટલોનો થયો વપરાશ ● કૃષિ ક્ષેત્રે ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા અને કૃષિક્ષેત્રને લગતી માહિતી સેન્ટ્રલ પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવા ઈન્ડેક્સ-A ની સ્થાપના ●

N- નારી સશક્તિકરણ (સશક્ત નારી, સશક્ત પરિવાર) : ● નારી સશક્તિકરણ માટે નારી ગૌરવ નીતિ-૨૦૨૪ ● વર્ષ ૨૦૨૩માં સૌપ્રથમવાર જેન્ડર બજેટ ૧ લાખ કરોડને પાર, ૨૦૦થી વધુ યોજનાઓ માત્ર મહિલાલક્ષી. ● ૨૦૨૪-૨૫માં જેન્ડર બજેટમાં મહિલા સશક્તિકરણની કુલ ૮૦૪ યોજનાઓ આવરી લેવાઈ. સ્વસ્થ ગુજરાત, સમૃદ્ધ ગુજરાત : ● રાજ્યના ૨.૬ કરોડથી વધુ લોકોને આયુષ્માન કાર્ડ ● પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના - મુખ્યમંત્રી અમૃતમ (PMJAY-MA) હેઠળ ગુજરાતના નાગરિકોને મળતી રૂ.૫ લાખની સહાય વધારીને રૂ.૧૦ લાખ ● વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે રાજકોટ AIIMSનું ઉદ્ઘાટન ● છેલ્લા ૩ વર્ષોમાં રાજ્યમાં ૯ નવી મેડિકલ કોલેજો કાર્યરત, કુલ ૧૧૦૦ મેડિકલ સીટ્સ ઉપલબ્ધ. શિક્ષિત ગુજરાત, સંપન્ન ગુજરાત : ● શિક્ષણ વ્યવસ્થાની રિયલ ટાઈમ જાણકારી મેળવવા વિદ્યા સમીક્ષા કેન્દ્રનો પ્રારંભ ● મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત રૂ.૮૭૪.૬૮ કરોડના ખર્ચે ૯૭,૧૮૭ સ્માર્ટ ક્લાસરૂમ્સ તથા ૧,૪૩૨.૪૦ કરોડના ખર્ચે ૨૧,૦૩૭ કોમ્પ્યુટર લેબ્સ ● 'નમો લક્ષ્મી' યોજના હેઠળ ધોરણ ૯ થી ૧૨ દરમિયાન ચાર વર્ષોમાં વિદ્યાર્થિનીઓને રૂ.૫૦ હજારની સહાય.

નાગરિકો માટે ઉત્તમ પરિવહન સેવા : ● રૂ.૯૪.૬૫ કરોડના ખર્ચે ૩૨ નવીન બસ સ્ટેશનો ● ૩ સ્થળોએ પીપીપી ધોરણે એરપોર્ટ જેવી સુવિધા ધરાવતા બસપોર્ટ પ્રજાની સેવામાં લોકાર્પિત ● ગુજરાત એસટી નિગમ દ્વારા ૩૦૦ લક્ઝરી, ૨૦૦ સેમી લક્ઝરી કોચ, ૪૦૦ સ્લીપર કોચ, ૧૬૮૨ સુપર એક્સપ્રેસ (૪૦૦-ઈન હાઉસ +૧૨૮૨ રેડી બિલ્ટ), ૪૦૦ મીની બસ અને ૫ ડબલ ડેકર ઈલેક્ટ્રિક બસ મળીને કુલ ૨૯૮૭ નવીન બસો લોકાર્પિત. ઔદ્યોગિક ક્ષેત્રે ગતિશીલ ગુજરાત : ● વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪નું ૧૦મું સંસ્કરણ સફળતાપૂર્વક સંપન્ન ● વાઈબ્રન્ટ ગુજરાતના ૧૦માં સંસ્કરણમાં ૧૪૦થી વધુ દેશોમાંથી ૬૧,૦૦૦ થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો. ● વાઈબ્રન્ટ સમિટના ભાગ રૂપે ૧૫૦ જેટલા સેમિનાર અને કાર્યક્રમોનું આયોજન ખાતે અદ્યતન સુવિધા સાથે પીએમ-મિત્ર પાર્કનું નિર્માણ થશે. વિશ્વ કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર : ● સાબરમતી નદી પર અટલ ફૂટઓવર બ્રિજનું નિર્માણ ● રાજકોટ ખાતે હીરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટનું નિર્માણ ● ઓખા અને બેટ-દ્વારકાને જોડતા નવનિર્મિત સુદર્શન સેતુનું લોકાર્પણ. અર્નિંગ વેલ, લિવિંગ વેલ (શહેરી વિકાસ અને ગ્રામ્ય વિકાસ) : ● અમદાવાદ મેટ્રો ફેઝ-૧નું સપ્ટેમ્બર ૨૦૨૨માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લોકાર્પણ ● અમદાવાદ મેટ્રો ફેઝ-૨નું ટુંક સમયમાં થશે લોકાર્પણ, સુરત મેટ્રો પ્રોજેક્ટની કામગીરી પ્રગતિ હેઠળ ● સ્માર્ટ સિટી મિશન હેઠળ રૂપિયા રૂ.૩૪૦૦ કરોડના ૧૫૯ પ્રોજેક્ટ પૂર્ણ ● ગુજરાતના ૨૦ જિલ્લાના ૫૧ ગામો સ્માર્ટ વિલેજ જાહેર.

પ્રવાસન અને યાત્રાધામોનો વિકાસ : ● રાજ્યમાં પહેલી વખત ગિફ્ટ સિટી ખાતે "ફિલ્મ ફેર એવોર્ડ"નું આયોજન ● યુનાઈટેડ નેશન્સની એજન્સી વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા કચ્છનું ધોરડો ગામ "બેસ્ટ ટુરીઝમ વિલેજ" જાહેર ● ભારતમાં સૌપ્રથમ "સમુદ્ર સીમા દર્શન"નો કચ્છમાં કોટેશ્વર નજીક લક્કી નાલા વિસ્તારમાં પ્રારંભ ભારત સરકાર દ્વારા 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અંતર્ગત સોમનાથ ખાતે સૌરાષ્ટ્ર-તમિલ સંગમ કાર્યક્રમનું આયોજન. શાંત અને સુરક્ષિત ગુજરાત : ● ગુજરાત પોલીસે એક વર્ષમાં રૂ.૫૬૪૦ કરોડનું ડ્રગ્સ પકડ્યુંઃ ૪૩૧ આરોપીઓ સામે ૩૧૭ ગુના દાખલ ● ગુજરાત પોલીસની ટીમે માત્ર ૨૦ દિવસમાં ૨.૫૮ લાખથી વધુ બેંક ખાતાઓ અનફ્રીઝ કર્યા ● ભ્રષ્ટ અને ગુનાહિત પ્રવૃત્તિઓ દ્વારા મેળવેલી સંપત્તિઓને જપ્ત કરવા માટે ગુજરાત સ્પેશિયલ કોર્ટ્સ ઍક્ટ, ૨૦૨૪ અમલી જળસમૃદ્ધ ગુજરાત : ● વલસાડ જિલ્લામાં એન્જિયરિંગની દ્રષ્ટિએ ચમત્કારિક એસ્ટોલ પ્રોજેક્ટનું લોકાર્પણ ● સુજલામ્ સુફલામ્ જળ અભિયાનના સાતમા તબક્કામાં જળસંગ્રહ ક્ષમતામાં ૧૧,૫૨૩ લાખ ઘનફૂટનો વધારો ● સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભવિષ્યની પાણીની જરૂરિયાત માટે રૂ.૧૩૦૦ કરોડના બલ્ક પાઈપલાઈનના કામો પૂર્ણ . ઊર્જાવાન ગુજરાત : ● ઉકાઈ, કડાણા, પાનમ અને સરદાર સરોવર ડેમમાંથી ઑગસ્ટ ૨૦૨૪માં ૧૦૬૭.૩ મિલિયન યુનિટ વીજ ઉત્પાદન ● ગુજરાતમાં વિવિધ સરકારી વિભાગોની ઈમારતો પર ૫૬.૮ મેગાવોટ ક્ષમતાની ૩૦૨૩ સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત. ગુજરાતને મળ્યા એવોર્ડ્સ – મારું ગુજરાત, શ્રેષ્ઠ ગુજરાત :

● 'એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ સ્ટેટસ્ટિક્સ–૨૦૨૩' અનુસાર યુવાનોને રોજગારી આપવામાં ગુજરાત દેશમાં પ્રથમ ● GeM પોર્ટલ મારફતે પારદર્શક ખરીદી અંગેની ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાતને સાત એવૉર્ડ ● એક્સપોર્ટ પ્રિપેર્ડનેસ ઈન્ડેક્સ (EPI) ૨૦૨૨ના ચાર મુખ્ય પિલર્સમાં એક્સપોર્ટ પર્ફોર્મન્સ પિલરમાં ગુજરાત પ્રથમ.

# માર્કેટયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૭૦૦ |
| ઘઉં લોકવન | ૫૩૫ | ૫૮૫ |
| ઘઉં ટુકડા | ૫૪૧ | ૬૧૫ |
| જુવાર સફેદ | ૭૩૦ | ૮૪૦ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૪૩૦ | ૫૦૫ |
| તુવેર | ૧૭૮૫ | ૨૦૮૧ |
| ચણા પીળા | ૧૩૦૦ | ૧૪૪૫ |
| ચણા સફેદ | ૧૫૦૦ | ૨૮૫૦ |
| અડદ | ૧૫૬૦ | ૧૮૩૬ |
| મગ | ૧૪૦૦ | ૧૭૭૭ |
| વાલ દેશી | ૧૬૦૦ | ૨૧૪૨ |
| ચોળી | ૨૫૫૦ | ૩૨૩૨ |
| વટાણા | ૧૭૦૦ | ૩૨૫૦ |
| સીંગદાણા | ૧૩૭૦ | ૧૫૯૦ |
| મગફળી જાડી | ૯૨૦ | ૧૧૪૫ |
| મગફળી જીણી | ૮૫૦ | ૧૦૯૦ |
| તલી | ૨૦૧૦ | ૨૬૪૫ |
| એરંડા | ૧૧૧૪ | ૧૧૮૯ |
| અજમો | ૧૮૫૦ | ૨૬૮૦ |
| સોયાબીન | ૮૭૦ | ૯૦૯ |
| સીંગફાડા | ૯૮૦ | ૧૨૫૦ |
| કાળા તલ | ૩૨૦૦ | ૩૬૦૦ |
| લસણ | ૩૪૦૧ | ૫૩૭૦ |
| ધાણા | ૧૧૮૦ | ૧૪૧૧ |
| ધાણી | ૧૨૧૧ | ૧૬૨૦ |
| વરીયાળી | ૧૦૫૦ | ૧૩૫૬ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૭૩૦ |
| રાય | ૧૦૬૦ | ૧૨૯૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૯૬ |
| ઇસબગુલ | ૧૮૫૦ | ૨૪૦૦ |
| કલોંજી | ૩૦૦૦ | ૩૬૫૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૨૦ |
| રજકાનું બી | ૪૬૫૦ | ૫૬૫૫ |
| ગુવારનું બી | ૯૮૫ | ૯૮૫ |

**રાજકોટ(શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૭૦૦ | ૨૭૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૨૫૦ | ૮૫૦ |
| ટમેટા | ૪૦૦ | ૭૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમરી | ૩૦૦૦ | ૪૦૦૦ |
| મૂળા | ૪૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૮૦૦ | ૧૪૦૦ |
| કોબીજ | ૩૨૦ | ૫૧૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૫૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| વાલોળ | ૬૫૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૧૧૦૦ | ૧૫૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૫૦૦ | ૮૦૦ |
| સરગવો | ૯૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૩૫૦ | ૬૦૦ |
| પરવળ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૩૦૦ | ૪૦૦ |
| કંટોલા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૫૦ | ૪૩૦ |
| મેથી | ૨૫૦૦ | ૪૦૦૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૮૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૭૦૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૩૬૦ | ૬૦૦ |
| મકાઇ લીલી | ૧૪૦ | ૩૮૦ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૯૧૨ | ૧૧૦૩ |
| શિંગ મોટી | ૭૯૯ | ૧૧૪૧ |
| શિંગદાણા ફાડા | ૧૦૦૦ | ૧૩૭૨ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૮૩૬ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૭૨૧ |
| બાજરો | ૩૭૯ | ૪૯૦ |
| જુવાર | ૪૦૦ | ૮૫૫ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૪૮ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૯૯ |
| મગ | ૧૫૦૮ | ૧૬૦૪ |
| ચણા | ૧૧૭૫ | ૧૪૩૦ |
| કપાસ | ૯૩૫ | ૧૬૮૯ |
| એરંડા | ૧૦૧૫ | ૧૧૫૭ |
| જીરું | ૩૬૦૦ | ૪૭૧૭ |
| રાયડો | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ધાણા | ૧૦૦૫ | ૧૩૪૦ |
| રજકાનું બી | ૫૦૭૦ | ૫૩૯૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણાં | ૭૦૦ | ૮૫૦ |
| ફુલાવર | ૫૫૦ | ૬૨૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૫૦ |
| ટામેટા | ૫૦૦ | ૬૦૦ |
| સુરણ | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ગાજર | ૪૦૦ | ૫૭૦ |
| દૂધી | ૫૨૦ | ૬૦૦ |
| કરેલા | ૫૦૦ | ૫૯૦ |
| ગલકા | ૬૦૦ | ૭૦૦ |
| મુળા | ૪૦૦ | ૪૫૦ |
| કાકડી | ૪૫૦ | ૫૬૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૧૬૦ |
| વાલોળ | ૮૦૦ | ૧૦૦૦ |
| ચોળાલીલાં | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૯૪૦ | ૧૦૩૦ |
| કોથમીર | ૨૫૦૦ | ૩૦૦૦ |
| મેથીભાજી | ૧૮૦૦ | ૨૧૦૦ |
| ફુદીનો | ૯૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૮૩૦ | ૯૨૦ |
| બીટ | ૪૦૦ | ૫૫૦ |
| શીંગઓળા | ૫૦૦ | ૭૦૦ |
| વાલ | ૬૫૦ | ૭૫૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૫૫૦ |
| ડુંગળી સૂકી | ૪૨૦ | ૮૦૦ |
| લસણ સુકુ | ૫૨૦૦ | ૫૮૦૦ |
| મકાઇ | ૨૨૦ | ૩૨૦ |
| લીંબુ | ૧૬૦૦ | ૧૮૦૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૦૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ બી. ટી. | ૧૧૫૧ | ૧૬૭૧ |
| ઘઉં લોકવન | ૫૪૦ | ૫૯૪ |
| ઘઉં ટુકડા | ૫૨૮ | ૬૨૧ |
| મગફળી જીણી | ૮૦૧ | ૧૧૧૧ |
| સિંગદાણા જાડા | ૧૧૦૧ | ૧૫૦૦ |
| સિંગ ફાડીયા | ૭૩૧ | ૧૨૫૧ |
| એરંડા / એરંડી | ૧૦૩૧ | ૧૧૭૬ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૭૮૧ |
| વરીયાળી | ૯૦૦ | ૧૪૫૧ |
| ધાણા | ૮૦૦ | ૧૬૦૧ |
| લસણ સુકું | ૧૮૭૧ | ૫૪૯૧ |
| ડુંગળી લાલ | ૧૬૧ | ૭૬૬ |
| અડદ | ૧૦૧૧ | ૧૮૧૧ |
| તુવેર | ૧૬૦૧ | ૨૦૯૧ |
| રાયડો | ૬૦૦ | ૯૩૧ |
| રાય | ૯૭૬ | ૧૨૪૧ |
| મેથી | ૬૫૧ | ૧૧૫૧ |
| કાંગ | ૧૧૩૧ | ૧૧૩૧ |
| મગફળી જાડી | ૭૫૧ | ૧૧૯૬ |
| સફેદ ચણા | ૧૪૨૧ | ૨૮૬૧ |
| મગફળી નવી | ૬૦૦ | ૧૧૭૬ |
| તલ – તલી | ૨૦૦૦ | ૨૭૪૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૭૦૧ |
| બાજરો | ૩૦૧ | ૪૯૧ |
| જુવાર | ૫૬૧ | ૫૬૧ |
| મકાઇ | ૫૦૧ | ૫૨૧ |
| મગ | ૧૦૪૧ | ૧૬૬૧ |
| ચણા | ૧૩૦૧ | ૧૪૩૬ |
| વાલ | ૫૩૧ | ૨૦૭૬ |
| વાલ પાપડી | ૯૫૧ | ૯૫૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૭૬ |
| અજમાં | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ગોગળી | ૬૫૧ | ૯૫૧ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| તલ સફેદ | ૨૪૫૦ | ૨૬૭૧ |
| બાજરો | ૪૯૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૮૧ |
| જુવાર | ૫૦૦ | ૭૮૯ |
| મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ચણા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૫૫૦ |
| સોયાબીન | ૮૨૦ | ૮૨૧ |

**મહુવા**

| | | |
|---|---|---|
| જુવાર | ૩૮૫ | ૭૨૪ |
| બાજરી | ૪૫૬ | ૫૨૭ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૫૧ |
| અડદ | ૧૯૯૮ | ૧૯૯૮ |
| મગ | ૧૧૬૦ | ૧૧૭૦ |
| ચણા | ૧૨૦૪ | ૧૪૨૧ |
| તલ સફેદ | ૧૮૬૦ | ૨૭૩૩ |
| તલ કાળા | ૨૭૦૧ | ૩૨૮૦ |
| તુવેર | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ડુંગળી લાલ | ૧૦૫ | ૮૨૪ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૫૯૨ |
| નાળીયેર | ૫૨૦ | ૧૮૧૦ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| બાજરી | ૪૮૦ | ૫૧૯ |
| ઘંઉ | ૪૮૫ | ૬૪૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૦૨ |
| સફેલ તલ | ૨૧૦૦ | ૨૫૦૮ |
| કાળા તલ | ૨૯૦૦ | ૩૩૯૮ |
| સોયાબીન | ૮૦૦ | ૮૯૯ |
| જુવાર | ૬૫૦ | ૮૦૬ |
| મગ | ૧૩૫૦ | ૧૬૩૦ |
| ચણા | ૧૨૨૩ | ૧૪૫૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૪૩૫ |
| સોયાબીન | ૮૨૧ | ૮૪૨ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૬૫ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૫૫૦ |
| જુવાર | ૭૧૫ | ૭૧૫ |
| બાજરો | ૪૩૫ | ૪૩૫ |
| મગફળી | ૬૧૦ | ૯૨૦ |
| ચણા | ૧૧૧૦ | ૧૪૦૦ |
| રાયડો | ૮૨૦ | ૮૨૦ |
| શીંગદાણા | ૧૦૪૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૬૯૫ | ૨૪૬૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૨૦ | ૧૨૬૦ |
| ઘઉં | ૫૨૫ | ૫૭૫ |
| ચણા | ૧૩૪૦ | ૧૩૪૦ |
| તલ | ૨૦૨૧ | ૨૨૩૦ |
| શીંગ ફાડા | ૧૦૫૫ | ૧૦૫૫ |
| મકાઈ | ૪૬૧ | ૪૬૧ |
| જીરૂ | ૪૩૦૦ | ૪૩૦૦ |
| ધાણા | ૧૧૫૨ | ૧૧૫૨ |
| સોયાબીન | ૮૫૫ | ૮૫૫ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૪૨૦ | ૧૭૦૦ |
| મગ | ૧૪૪૦ | ૧૮૦૦ |
| જીરૂ | ૪૧૦૫ | ૪૨૭૫ |
| ઘઉં | ૫૦૨ | ૫૫૮ |
| ચણા | ૧૨૭૫ | ૧૪૨૫ |


**ભેસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ઘઉં | ૫૦૦ | ૫૭૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મગફળી જીણી | ૫૦૦ | ૧૦૦૦ |
| તલ | ૨૦૦૦ | ૨૫૬૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૮૦ |
| સોયાબીન | ૭૪૫ | ૮૨૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શિંગ જીણી | ૧૦૬૦ | ૧૧૦૧ |
| શિંગ મોટી | ૧૦૮૦ | ૧૧૧૧ |
| શિંગદાણા | ૧૩૦૦ | ૧૩૫૧ |
| તલ સફેદ | ૨૧૫૦ | ૨૬૨૬ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૧૫૦ |
| બાજરો | ૪૪૦ | ૪૯૦ |
| જુવાર | ૭૪૧ | ૭૪૫ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૪૫ |
| ઘઉં લોકવન | ૫૪૧ | ૬૦૬ |
| મગ | ૧૪૪૫ | ૧૬૦૦ |

## શબ્દ સંજોગ-૧૮૬૯



**આડી ચાવી :**
(૧) જીવવાળુ (૩)
(૩) પ્રહસન, ગમ્મત (૩)
(૬) ઘણો જ ખાટો રસ (૩)
(૮) વાસના, કામવાસના (૩)
(૧૦) લેખકનું હથિયાર (૩)
(૧૧) વટાવેલુ, આરપાર ગયેલું (૩)
(૧૨) લિસ્ટ (૨)
(૧૩) તુરત જ લખો (૩)
(૧૪) ભાવ, મૂલ્ય (૨)
(૧૫) નામની આગળ માનાર્થે લખાતો શબ્દ (૧)
(૧૬) નવલું, નવતર (૩)
(૧૯) આ તો મમ્મીની બહેનના પતિદેવ (૨)
(૨૨) એશિયા ખંડનો એક દેશ (અવળો) (૩)
(૨૪) યજ્ઞ કરવો તે (૩)
(૨૬) દિલાસો, સાંત્વન (આ-અ) (૪)
(૨૯) રામનો એક પુત્ર (૨)
(૩૦) પારસીઓનું બેસતુ વર્ષ (૪)

**ઉભી ચાવી :**
(૧) રકત (૨)
(૨) મૂળ, ઉત્પત્તિ સ્થાન (૩)
(૩) ફાકવું કે ફાકેલું તે (૨)
(૪) એકદમ, અચાનક (૩)
(૫) અંગત, પોતીકું (૨)
(૭)...... ગમત(૩)
(૯) દેવ-દેવી ખુશ થઈને ભકતને આપે. (૪)
(૧૦) કદાપી, ક્યારેય પણ (૨)
(૧૧) પડતી, નાશ (૩)
(૧૨) દોસ્ત, મિત્ર (૨)
(૧૭) જય, જીત (૩)
(૧૮) એક પક્ષી (૨)
(૨૦) એક પક્ષી (૩)
(૨૧) શરીરનો એક અવયવ (૨)
(૨૨) ચપલ, અસ્થિર (૩)
(૨૩) શુધ્ધિ, હોંશ (૨)
(૨૫) જન્મથી મરણ લગીનો કાળ (૩)
(૨૭) સામાન્ય (૨)
(૨૮) એક પશુ (૨)

## શબ્દ સંજોગ-૧૮૬૮ જવાબ

**આડી ચાવી:** (૧) જનતા (૩) લાપશી (૬) શોક (૭) નફો(૮) રોહિણી (૧૦) દાન (૧૨) જડી (૧૪) પખાલ (૧૭) ખસ્ય (૧૮) પરેડ (૧૯) કુંભ (૨૨) રઘુ (૨૪) રમણભમણ (૨૭) વસાણું (૨૯) ગિરો (૩૦) લડત (૩૧) યોગિની (૩૨) ૫.

**ઊભી ચાવી:** (૧) જશોદા (૨) નેકનજર (૩) લાફો (૪) શીરો (૫) ભાણી (૭) નેડો (૯) હિના (૧૨) ઓખા (૧૩) ડીચકું (૧૪) પગી (૧૫) લપ (૧૬) ગાંડપણ (૧૭) ખચ્ચર (૨૦) ભરણું (૨૧) ઘાણ (૨૩) ઘુવડ (૨૫) ભગિની (૨૬) ભરો (૨૮) સાત.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓની S.G.F.I. U-૧૪ યોગાસન સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ પસંદગી

અમરેલી,તા.૧૨



અમરેલીમાં ૫ સપ્ટેમ્બરના રોજ સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા અંડર-૧૪નાં ભાઈઓની જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં જિલ્લાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી, પટેલ હેનીલે પ્રથમ નંબર સાથે ગોલ્ડ મેડલ મેળવેલ, કપાસી મુફદલે દ્વિતીય નંબર સાથે સિલ્વર મેડલ મેળવેલ અને પાનેરી કાવ્યએ તૃતીય નંબર સાથે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ.

આ વિદ્યાર્થીઓ આગામી સમયમાં SGFI અંડર-૧૪ ભાઈઓની યોગાસન સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ પ્રતિનિધિત્વ કરશે. હાલ વિદ્યાર્થીઓને યોગા ટ્રેનર ગોહિલ જયદેવસિંહ દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી તેમજ શાળાના આચાર્ય અને સ્ટાફગણ દ્વારા વિદ્યાર્થીઓને રાજ્યકક્ષાએ પણ આવી જ રીતે અવિરત દબદબો કાયમ રાખે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# અમરેલીની ટી.પી. ગાંધી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે આં.રા. સાક્ષરતા દિનની ઉજવણી

અમરેલી,તા.૧૨




અમરેલી જિલ્લા વહીવટી તંત્ર અને અમરેલી જિલ્લા મહિલા અને બાળ કચેરી અંતર્ગત 'બેટી બચાઓ બેટી પઢાઓ' સેલ દ્વારા 'આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. જીવન ઘડતર અને વર્તમાન સમયે શિક્ષણની આવશ્યકતા, કિશોરીઓનું શિક્ષિત હોવું એ સ્વયં વિકાસ છે, સાક્ષરતાનું પ્રમાણ વધે તે ઉદ્દેશ્ય સાથે તા.૮ સપ્ટેમ્બરે 'આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે. આ નિમિત્તે "Promoting multilingual education: Literacy fro mutual understanding and peace" થીમ પર બેટી બચાઓ બેટી પઢાઓ યોજના હેઠળ જાગૃત્તિ કાર્યક્રમ અંતર્ગત કન્યા કેળવણી અને શિક્ષણને પ્રોત્સાહન મળી રહે તે માટે કાર્યક્રમનું આયોજન ટી.પી. ગાંધી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે કરવામાં આવ્યું હતું. અમરેલી મહિલા અને બાળ કચેરી અંતર્ગત DHEW યોજનાના જિલ્લા મિશન કો-ઓર્ડિનેટર હસમુખભાઈ દ્વારા આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ નિમિત્તે વિગતો અને માર્ગદર્શન આપ્યું હતું. પીબીએસસી અમરેલીના કાઉન્સેલર રોશનીબેન દ્વારા મહિલા સહાયતા કેન્દ્ર વિશેની વિગતો જણાવી હતી.

# લાઠીમાં સાંસદ, ધારાસભ્યોની હાજરીમાં આજે નારી સંમેલન

અમરેલી,તા.૧૨

મહિલાઓને નારી અદાલત અને નારી અદાલતના કાર્યો, મહિલા સશક્તિકરણ અને મહિલા વિષયક યોજનાઓની વિગતો અને માર્ગદર્શન આપવાના હેતુથી, રાજ્ય મહિલા આયોગ અને જિલ્લા વહીવટી તંત્ર, અમરેલીના સંયુક્ત ઉપક્રમે તા.૧૨ સપ્ટેમ્બરને ગુરુવારના રોજ લાઠી ખાતે નારી સંમેલનનું આયોજન છે. અમરેલી જિલ્લા પંચાયત સભ્ય શ્રીમતી શિલ્પાબેન તળાવિયાના અધ્યક્ષસ્થાને લાઠી તાલુકા શાળા ખાતે સવારે ૧૦.૩૦ વાગ્યે 'નારી સંમેલન' યોજાશે. મુખ્ય અતિથિ તરીકે સાંસદ ભરતભાઈ સુતરીયા, વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, લાઠી-બાબરા ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ધારી-બગસરા-ખાંભાના ધારાસભ્ય જે.વી. કાકડીયા, રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સહિતના મહાનુભાવો, પદાધિકારીઓ સહિતના ઉપસ્થિત રહેશે.

# કાગવડ ગામે ખોડલધામ મંદિરે ગણેશ મહોત્સવની ભવ્ય ઉજવણી

રાજકોટ,તા.૧૨



મા ખોડલનો જ્યાં સાક્ષાત વાસ છે એવા રાજકોટ જિલ્લાના કાગવડ ગામે આવેલું ખોડલધામ મંદિર દેશ-વિદેશમાં જાણીતું બની ગયું છે. ખોડલધામની ભક્તિની સુવાસ ચારેકોર ફેલાઈ ચૂકી છે. ધર્મસ્થાનની સાથે સાથે ખોડલધામ સૌરાષ્ટ્રનું પ્રવાસન ધામ પણ બની ગયું છે. ખોડલધામ મંદિરે દરરોજ મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે ત્યારે નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શ્રી ખોડલધામ મંદિર સ્ટાફ દ્વારા ગણેશ ચતુર્થીના દિવસે ગણેશ સ્થાપના કરવામાં આવી છે. શ્રી ખોડલધામ મંદિર સ્ટાફ દ્વારા વિશાળ પંડાલ બનાવી તેમાં ૫ ફૂટની ગણેશની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. જેમાં રજવાડી સાડી અને અલગ અલગ તોરણોથી ગણેશ પંડાલને શણગારવામાં આવ્યો છે. રોજ સવાર-સાંજ સ્ટાફ દ્વારા આરતી કરવામાં આવે છે. ૧૧ સપ્ટેમ્બરે ગણેશજીને ૫૬ ભોગનો અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. મા ખોડલના દર્શન સાથે ભક્તો ગણેશજીના દર્શન કરવા આવી રહ્યા છે.

# રાજકોટના શાપરમાં પોકસોના ગુનામાં આરોપીએ કરેલ જામીન અરજી ફગાવાઈ

રાજકોટ, તા.૧૨

રાજકોટનાં શાપર પોલીસ સ્ટેશનમાં પોકસોનાં ગુનામાં પોલીસે પાલક પિતા હરેશ રાણા સોલંકીની અટક કરી હતી. જેથી આરોપીએ આ અટક વિરૂધ્ધ ગોંડલ સેશન્સ કોર્ટમાં કાયમી જામીન માટે અરજી કરી હતી. તો આ અરજીની સામે ભોગ બનનાર તર્ફે એડવોકેટ એમ. એચ. ચાવડાએ લેખિત વાંધા-જવાબ રજૂ કરી જામીન અરજી નામંજૂર કરવા ધારદાર દલીલો કરતાં પાલક પિતાની જામીન અરજી નામંજૂર કરવામાં આવી હતી. ત્યારબાદ તપાસ પૂર્ણ થતાં આરોપીએ ચાર્જશીટ બાદની જામીન અરજી નામદાર કોર્ટમાં રજૂ કરી હતી. ભોગ બનનાર ફરિયાદી તર્ફે વકીલ એમ. એચ. ચાવડા તથા જે.એમ. દાફડા અને કે.ડી. રાઠોડ દ્વારા લેખિત વાંધા-જવાબ રજૂ કરતાં નામદાર કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

# ઉનામાં ગોકુલધામ સોસાયટી થીમ પર ગણેશજીની સ્થાપના કરવામાં આવી

ઉના,તા.૧૨



ઉના શહેરમાં ચંદ્રકિરણ ગ્રુપ દ્વારા તારક મહેતા ગોકુલધામ સોસાયટી થીમમાં ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. અહીં ગણપતિ બાપાના સાનિધ્યમાં આવતીકાલથી રોજ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. તેમજ ગણેશ વિસર્જનના દિવસે ગુજરાતી લોકગાયિકા રાજલ બારોટ ડી.જે. મ્યુઝિક સાથે રમઝટ બોલાવશે અને ધામધૂમથી ગણેશ વિસર્જન કરવામાં આવશે. ચંદ્રકિરણ સોસાયટીમાં ચંદ્રકિરણ કા રાજા ગણેશ ઉત્સવ-૨૦૨૪ આયોજીત કોળી સમાજના યુવા કોળી સંગઠનનાં પ્રમુખ અને નગરપાલિકા સદસ્ય અલ્પેશ કાનજીભાઈ બાંભણિયાની આગેવાની હેઠળ ચંદ્રકિરણ ગ્રુપના યુવાનો દ્વારા ચંદ્રકિરણ કા રાજા ગણેશ ઉત્સવ દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણપતિજીનો પંડાલ તારક મહેતાકા ઉલ્ટા ચશ્માની સિરિયલની ગોકુલધામ સોસાયટીની થીમ આધારિત બેક ગ્રાઉન્ડ બનાવેલ છે. શ્રી ગણેશજીની મૂર્તિના પગ નીચે તેમનું વાહન મૂષક ઘંટડી વગાડતા હોય તે લોકોમાં આકર્ષણ કેન્દ્ર બન્યું છે.

# ગીરગઢડામાં રહેણાંક મકાનમાં સિંહ ઘૂસી જતાં અફરાતફરી મચી

ઉના, તા.૧૨



તસવીર : કૈલેશ ભટ્ટ

ગીરગઢડામાં રહેણાંક મકાનમાં બે દિવસ પહેલા વહેલી સવારે એક સિંહ ઘૂસી જતાં રહીશોમાં અફરાતફરી મચી ગઈ હતી. જેની જાણ વન વિભાગને કરતા તાત્કાલિક સ્થળ પર રેસ્ક્યુ ટીમ પહોંચી હતી. ગીરગઢડા શહેરમાં સિંહ પરિવાર આવી ચડ્યો હતો. એ દરમિયાન સિંહ પરિવારમાંથી એક નાની વયનો સિંહ વિખૂટો પડી જતાં નજીકમાં પટેલપરા વિસ્તારમાં રહેતાં જીવરાજભાઈ લવજીભાઈ ઘીનીયાના રહેણાક મકાનમાં ઘૂસી જતાં અઅફરાતફરી મચી હતી. વનવિભાગની ટીમે પહોંચી મકાનમાં ઘૂસેલા સિંહની રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી પરંતુ આ રેસ્કયુ દરમિયાન સિંહ નાસી છૂટ્યો હતો. જોકે વન વિભાગની ભારે જહેમત બાદ પણ સિંહ મકાનની બહાર નીકળી નાસી ગયો હતો. સિંહ મકાનના ફળિયામાં ઘૂસી જતાં અફરાતફરીના દ્રશ્યો જોવા મળ્યાં હતાં.

**-//એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી.નં.૩૯/૨૦૨૪

**અરજદાર :-** શ્રી અશોકભાઈ નાનજીભાઈ શ્યાણી
રહે. નાના ભમોદ્રા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી.

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.કેરીયાચાડ, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કેરીયાચાડ ગામના અશોકભાઈ નાનજીભાઈ શ્યાણી તેઓની પુત્રી શ્યાણી પ્રિયંકાબેન અશોકભાઈની જન્મ તા.૨૯/૦૬/૧૯૯૨ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તા.૧૨/૦૭/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

# સા.કુંડલાના નિવૃત્ત પ્રોફેસરે એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ૩ મેડલ મેળવ્યા

સાવરકુંડલા, તા.૧૨

નડિયાદના સ્પોર્ટ્સ સંકુલ ખાતે ૭-૮ સપ્ટેમ્બરે અખિલ ગુજરાત ખેલકૂદ મંડળ દ્વારા આયોજિત ૯મી એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ૬૫ વર્ષથી ઉપરની વય જુથમાં પ્રો.ડો. રસુલભાઈ કે. કુરેશીએ ૧. વાંસકૂદમાં પ્રથમ - ગોલ્ડ મેડલ ૨. ઉંચીકૂદમાં દ્વિતીય - સિલ્વર મેડલ ૩. ગોળા ફેંકમાં તૃતીય - બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી ગૌરવ વધારેલ છે.



**CHANGE OF NAME**

I Undersign I MAKRANI KHUSHBUBEN HUMAYUBHAI
have changed my name from
MAKRANI KHUSHBU HUMAYUBHAI
To MAKRANI KHUSHBUBEN HUMAYUBHAI
Now i will be known as

MAKRANI KHUSHBUBEN HUMAYUBHAI
Address : KUMBHARVADA, SHERI-1, RAJULA
AT-RAJULA, DIST AMRELI, PIN-365560

# સારહીના ગણપતિ મહોત્સવમાં દર્શન-આરતીનો લાભ લેતા દિલીપભાઈ સંઘાણી

અમરેલી,તા.૧૨



દુઃખ હરતા મંગલકર્તા ભગવાન ગણેશજીની ભકિત અને ઉપાસનાનો પર્વ ગણેશ મહોત્સવ અમરેલી શહેરમાં ધામધૂમથી ઉજવણી થઈ રહેલ છે. સારહી યુથ કલબ ઓફ અમરેલી દ્વારા શહેરના સિનિયર સિટીઝન પાર્ક ખાતે ગણેશોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેના પ્રથમ દિવસે રાષ્ટ્રીય સહકારી આગેવાન દિલીપભાઈ સંઘાણી સહિતના આગેવાનોએ દુંદાળા દેવની આરતી–દર્શન લાભ સાથે સર્વે સમાજ માટે સુખાકારીની કામના કરી હતી. આ તકે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, ચંદુભાઈ (સંજય) રામાણી, હિરભાઈ કાબરીયા, રવિન્દ્ર ચોડવડીયા સહિત વિશાળ સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

**જાહેર નોટિસ**

આથી હું અમીત પી. ચોવટીયા(એડવોકેટ) અમારા અસીલની સુચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટિસ આપવામાં આવે છે કે, અમારા અસીલ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના અડતાલા ગામના ગામતળના ૩૧૨.૬૧ ચો.મી.નો ઔદ્યોગીક હેતુ વપરાશનો પ્લોટ કૈલાસબેન અશોકભાઈ ભાદાણીના નામે ધારણ કરે છે. જે પ્લોટ તેઓએ GTL Infrastructure Ltd. (GIL) ને તા. ૧૫ મે ૨૦૧૭ના રોજ ભાડેથી આપેલ હતો જેના સાઈટ આઈ.ડી. GUJ/GBT/A/00793 સાઈટ નેમ શેખપીપરીયા છે. સદરહું પ્લોટના ભાડાપટાના કરાર મુજબ GTL Infrastructure Ltd. (GIL) ના ઓ એ ભાડુ આપવાનું બંધ કરી દીધેલ છે. જે અંગે બે નોટીસો આપી તાકીદ પણ કરેલ છે જેથી અમોના અસીલ આગામી તા.૦૧/૧૦/૨૦૨૪ ના રોજ તેમની માલીકીનો પ્લોટ ખાલી કરવા માગે છે અને GTL Infrastructure Ltd. (GIL) નો કરાર મુજબ તેમને ભાડુ મળેલ નથી તેમજ તેમના લાગતા વળગતા કર્મચારી/હોદ્દેદાર દ્વારા પણ ભાડા અંગે કોઈ સંભાળ લીધેલ નથી જેથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે સદરહું પ્લોટની જગ્યા ખાલી કરવા અને GTL Equipments દૂર કરવા અન્વયે કોઈને વાંધો હોય ક

સદરહું પ્લોટ પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે, કોઈપણની પેટા લીઝ કે અન્ય કોઈપણ પ્રકારનો હક્ક હિત હોય, બોજો, ચાર્જ, લીયન કે અન્ય કોઈ હક્ક હોય કે, સદરહું પ્લોટ માટેના કોઈને વાદ-વિવાદ હોય કે, આ મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્યકોઈ પ્રકારનો હક્ક/વિવાદ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયે તા.૦૧/૧૦/૨૦૨૪ સુધીમાં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા તો રજી. એડીથી જાણ કરવી. તા. ૦૧/૧૦/૨૦૨૪ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર સરખું નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતાં(વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી ઉકત પ્લોટ ખાલી કરવાની કાર્યવાહી હાથ ધરશે અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ જેથી લાગતા વળગતાએ સર્વેએ નોંધ લેવી.

**અમીત પી. ચોવટીયા** (એડવોકેટ)
મો.૯૯૧૩૬ ૪૧૧૬૭.
સરનામું : ઓફિસ નં.૧૦૧-૧૦૨, પહેલો માળ, ટ્રેડ સેન્ટર, મલય ઝેરોક્ષની સામે,
સીવીલ હોસ્પીટલ રોડ, અમરેલી - ૩૬૫૬૦૧

**અમરેલી તાલુકાના અમરેલી ગામે આવેલ રે.સ.નં.૩૧૨ પૈકીની કુલ ૨૮૬-૭૯-૨૬ ચો.મી. વાળી મીલકત સંબધે જાહેર નોટીસ**

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ અજય જે. રાઠોડ રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ અમરેલી સબ ડીસ્ટ્રીકટ વ તાલુકો અમરેલી તાબાના અમરેલી ગામે આવેલ રેવન્યુ સર્વે નંબર ૩૧૨ પૈકીની કુલ ૨૮૬-૭૯-૨૬ ચો.મી. વાળી મીલકત હાલ જયદીપભાઈ કાંતીભાઈ કાબરીયા રહે. અમરેલીવાળાની માલીકી કબજા ભોગવટાની આવેલી છે, જે મીલકત સંબધે અમારી પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ માંગવામાં આવેલ છે.

તો ઉપરોકત મીલકતમાં કોઈ ઈસમ/વ્યકિત કે કોઈ નાણાકીય સસ્થા કે સરકારી, સહકારી, કે અર્ધસરકારી- અર્ધ સહકારી સંસ્થાનું હકક-હીત સમાયેલ હોય કે

ઉપરોકત મીલકત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવે તો, અથવા કોઈ ઈસમ/ વ્યકિતનો લાગ ભાગ, હકક, હીસ્સો હોય તો આ બાબતે જાહેર જનતાને જણાવવાનુ કે, ઉપરોકત મીલકતની માલીકી બાબતે ના ટાઈટલ બાબતે કે સદર મીલકત બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હકક હીત સંબધ હોય તો તેવા હકક-હીત-સંબધ અમારી પાસે દિન-૭ ની અંદર અમારા નીચે જણાવેલ સરનામે રજુ કરશો. આ ઉપરાંત આ ઉપરોકત મીલકત સંબધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર અને ચોખ્ખી છે તેવુ માની લેવામાં આવશે અને માનવાને કારણ રહેશે, ત્યારબાદ આ ઉપરોકત મીલકતનો રજીસ્ટર્ડ મોરગેજ દસ્તાવેજ કર્યા બાદ કોઈ પણનો વાંધો વચકો ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૧૩/૯/૨૦૨૪
અમરેલી

**અજય જે. રાઠોડ, એડવોકેટ,**
**જુના માર્કેટયાર્ડ, પહેલા માળે, હરીરામ હોલસેલ માર્કેટ, કોગ્રેસ કાર્યાલયની સામે,**
**અમરેલી. મો.નં.૯૮૨૪૯ ૩૦૩૧૬**

**જાહેર નોટીસ**


આથી અમો **પાર્થરાજસિંહ દિલીપસિંહ સરવૈયા, રહે. અમરેલી, ઠે.સહજાનંદનગર શેરી -૦૪, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧,** વાળાએ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ કે, અમોએ **અમરેલી** જીલ્લાના **લાઠી** તાલુકાના **લાઠી** ગામે આવેલ ખેતીની જમીન **ખાતા નં.૧૫૦૭** ના સીમ જમીન **રે.સ.નં.૫૧૮ પૈકી ૫/ પૈકી ૧, હે.આરે.૧-૩૫-૩૫,** વાળી ખેતીની જમીન જેના હાલના માલીક **હેતલબા અજીતસિંહ પઢીયાર**ની પાસેથી વેચાણ રાખવાનુ નકકી કરેલ છે. અને આ બાબતનો **લાઠી સબરજીસ્ટ્રાર કચેરીમાં** અમો ખરીદનારની તરફેણનો વેચાણ દસ્તાવેજ ટુંક સમયમાં નોંધાવવાનો હોય તેથી આ જાહેર નોટીસથી જાહેર કરી જણાવીએ છીએ કે સદરહુ જમીનના હાલના માલીક **હેતલબા અજીત સિંહ પઢીયાર** દ્વારા અમોને તેઓએ સદરહુ જમીન સંપૂર્ણ ચોખ્ખા ટાઈટલ કલીયર હોવાનુ જણાવે છે,આમ છતા ઉપરોકત જમીન અને તેની સાથે જોડાયેલા સુખાધીકારના હકકો, પરત્વે કોઈ વ્યકિત, સખ્શ, સંસ્થા પેઢી કંપની, એસોસીએશન, બેન્ક, નાણાંકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, લાગભાગ, બાનાખત, સાટાખત, મોં બદલાના કરાર, કે પૈસાની લેતી-દેતી અંગેનો કરાર કે અન્ય સદરહુ જમીન સંબંધિત તમામ કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ મિલકત પરત્વેના ભરણ પોષણનો હકક હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૦૭** મા દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નીચે જણાવ્યા મુજબના સરનામા ઉપર રજીર્સ્ટર એડી. પોસ્ટ મારફત અમો નોટીસ પ્રસિધ્ધ કરનારને જાણ કરવી તે સમય દરમ્યાન આ જમીનના વેચાણ સામે વાંધાઓ નહી આવે તો આ મિલકત સંપૂર્ણ ચોખ્ખા ટાઈટલ હક્કે આવેલી છે, તેવુ સમજીને અગર તો કોઈના હકક, હિસ્સા, હિત અધિકારો લાગભાગ આવેલા નથી અને આવેલા હોય તો તેઓએ જતા કરેલા છે, અથવા સદરહુ વેચાણ બાબતે તેમની સંપૂર્ણ સહમતી છે, અને તે પછી ભવિષ્યે પણ આ બાબતે કોઈ પોતાના વાંધાઓ, તકરાર રજુ કરશે અથવા ઉભા કરશે તો તેવા વાંધાઓ, તકરાર અમો ખરીદનારને લાગુ પડશે નહી. જે બાબતની આ જાહેર નોટીસથી જાહેર કરી જણાવીએ છીએ.

**પત્ર વ્યવહારનું સરનામુ :-**
**પાર્થરાજસિંહ દિલીપસિંહ સરવૈયા**
**રહે.અમરેલી, ઠે.સહજાનંદનગર શેરી-૦૪,**
**હનુમાનપરા રોડ,અમરેલી-૩૬૫૬૦૧, મો.નં.૭૮૧૯૮ ૧૯૧૯૧**

**નોટીસ પ્રસિધ્ધ કરનાર**
**સહિ,**
**(પાર્થરાજસિંહ દિલીપસિંહ સરવૈયા)**

# શિમલામાં મુસ્લિમ પક્ષે એમસી કમિશનરને પત્ર લખીને મસ્જિદનું ગેરકાયદે બાંધકામ દૂર કરવાની માંગ કરી

શિમલા,તા.૧૨



હિમાચલ પ્રદેશની રાજધાની શિમલાના સંજૈલી સ્થિત મસ્જિદમાં કથિત ગેરકાયદે બાંધકામના મામલામાં નવો વળાંક આવ્યો છે. ગુરુવારે મુસ્લિમ કલ્યાણ સમિતિના વડા મોહમ્મદ લતીફ અને સમિતિએ શિમલા મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર ભૂપેન્દ્ર કુમાર અત્રીને એક પત્ર સોંપ્યો હતો. મુસ્લિમ પક્ષે મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનરને પત્ર લખીને ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની માંગ કરી છે. લતીફે કહ્યું કે હિમાચલ શાંતિ પ્રેમી રાજ્ય છે. આ પ્રકારની લડાઈ અહીં ન થવી જોઈએ. અમે ઈચ્છીએ છીએ કે આ શાંતિ અને ભાઈચારો ચાલુ રહે. MC કમિશનરને મસ્જિદના તે ભાગને સીલ કરવા વિનંતી કરવામાં આવી છે જે ગેરકાયદેસર છે. જો MC કોર્ટનો નિર્ણય પણ ગેરકાયદે બાંધકામ દૂર કરવાનો આવશે તો અમે તેને આવકારીશું.

**અમે હિમાચલના કાયમી રહેવાસી છીએ. આપણે અહીં પ્રેમથી જીવવું છે : મૌલાના**

સંજૌલી જામા મસ્જિદના ઈમામ મૈલાનાએ કહ્યું કે અમે હિમાચલના કાયમી રહેવાસી છીએ. આપણે અહીં પ્રેમથી જીવવું છે.

# યુપીના મૈનપુરીમાં વરસાદે તબાહી મચાવી, બે બાળકો સહિત પાંચ લોકોના થયા મોત

**દિવાલના કાટમાળ નીચે દબાઈ જવાથી થયા મોત**

(એ.આર.એલ),આગ્રા,તા.૧૨



મૈનપુરીમાં વરસાદને કારણે અલગ-અલગ જગ્યાએ પાંચ લોકોએ જીવ ગુમાવ્યા છે. રાત્રે કુરાવલીના રાજલપુર ગામ અને ભોગગાંવના શિવપુરીમાં ઘરની દિવાલો ધરાશાયી થવાને કારણે અકસ્માતો સર્જાયા હતા. બે બાળકો સહિત પાંચ લોકોના મોત બાદ ઘરોમાં હોબાળો મચી ગયો હતો. પોલીસે તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. રાજલપુર પોલીસ સ્ટેશન કુરાવલી વિસ્તારમાં ગુરુવારે સવારે દિવાલ ધરાશાયી થવાની સૂચના મળતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. વરસાદના કારણે કેપ્ટન સિંહ જાટવના ઘરની દિવાલ ધરાશાયી થઈ હોવાનું બહાર આવ્યું હતું. અકસ્માતમાં, છત નીચે સૂઈ રહેલા D-૨૯/A ઈર્શાદ ગાર્ડન સાહિબાબાદ ગાઝિયાબાદના રહેવાસી મમતા દેવી (૪૦) અને દિલીપ કુમાર (૩૫), દિવાલના કાટમાળ નીચે દબાઈ જવાથી મૃત્યુ પામ્યા હતા. પોલીસ સ્ટેશન ભોગગાં વિસ્તારના શિવપુરી ગામમાં રહેતા મનોજ યાદવ માટે કાયમી ઘર બનાવવામાં આવી રહ્યું છે. જેના કારણે બુધવારે રાત્રે તે તેની પત્ની ફૂલન દેવી, બે બાળકો ૩ વર્ષનો હર્ષ અને બે મહિનાની વર્ષા સાથે આ મકાનમાં સૂતો હતો.

# ચશ્મા હટાવવાનો દાવો કરનાર આઈ ડ્રોપ્સ પર પ્રતિબંધ લાગ્યો

નવીદિલ્હી, તા.૧૨

મહારાષ્ટ્રની એક દવા કંપની એન ટોડ ફાર્માસ્યુટિકલ્સને પોતાના આઈ ડ્રોપ્સ - આંખના ટીપાને લઈને મોટા મોટા દાવાઓ મોંઘા પડી રહ્યા છે. ભારતના દવા નિયંત્રક (ડ્રગ કંટ્રોલર)એ આ દવાને આપેલી મંજૂરી આગામી આદેશ સુધી પાછી ખેંચી લીધી છે અને તેના વેચાણ-ઉત્પાદન પર રોક લગાવી દીધી છે. આંખો પરથી ચશ્મા હટાવવાનો દાવો કરનાર આ કંપનીને ડ્રગ્સ કંટ્રોલે પ્રેસ બાયોપિયાની દવા પાઈલોકાર્પિન હાઈડ્રોકલોરાઈડ ૧.૨૫ના નિર્માણની મંજૂરી આપી હતી.

આ દવા વધતી ઉંમરના કારણે નજરની કમજોરીને ઠીક કરતી હોવાનો દાવો કરાયો હતો પણ કંપની દ્વારા મીડિયા અને સોશિયલ મીડિયામાં એવો પ્રચાર કરાયો હતો કે આ ભારતના એવા પહેલા આંખના ટીપા છે જે ચશ્માની જરૂરીયાતને ખતમ કરી દેશે. બીજો પ્રચાર એવો કરવામાં આવ્યો કે, ચશ્મા વિના નજીકની નજર પણ ઠીક થઈ જશે.

# જમ્મુ-કાશ્મીરમાં પાંચ અલગતાવાદી જૂથો પરના પ્રતિબંધને યોગ્ય ઠેરવતી હાઈકોર્ટ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૨



ટ્રિબ્યુનલે જમ્મુ-કાશ્મીરના પાંચ અલગતાવાદી જૂથો પર લાદવામાં આવેલા પ્રતિબંધને યથાવત રાખ્યો હતો. તેના પર હાઈકોર્ટે કહ્યું કે આ જૂથો અલગતાવાદની ભાવનાઓને ભડકાવીને ભારતની અખંડિતતાને ખતરો આપી રહ્યા છે. આમાં મુસ્લિમ કોન્ફરન્સ જમ્મુ અને કાશ્મીર (ભાટ જૂથ) અને જમ્મુ અને કાશ્મીર પીપલ્સ લીગના ચાર જૂથોનો સમાવેશ થાય છે. આ વર્ષે ૨૮ ફેબ્રુઆરીના રોજ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે મુસ્લિમ કોન્ફરન્સ જમ્મુ અને કાશ્મીરને પ્રતિબંધિત સંગઠન જાહેર કરતું એક નોટિફિકેશન બહાર પાડ્યું હતું. આ પછી, ૧૮ માર્ચે, મંત્રાલયે ન્યાયિક વિભાગ એટલે કે વિશેષ અદાલતની રચના કરી, જે આ મામલે નિર્ણય લેવાના હેતુથી રચવામાં આવી હતી. જેથી એ તપાસ કરી શકાય કે MCJK-ભાટને ગેરકાયદેસર સંગઠન જાહેર કરવા માટે પૂરતા પુરાવા છે કે નહીં. આ અંગે નિર્ણય લેવાની જવાબદારી દિલ્હી હાઈકોર્ટના જજ નીના બંસલ કૃષ્ણાને સોંપવામાં આવી હતી. જસ્ટિસ કૃષ્ણાની આગેવાની હેઠળની અદાલતે ગેરકાનૂની પ્રવૃત્તિઓ (પ્રિવેન્શન) એક્ટ હેઠળ લાદવામાં આવેલા પ્રતિબંધને યથાવત રાખતા બે અલગ-અલગ આદેશો જારી કર્યા હતા.

# અમેરિકા મંદીની આગમાં હોમાયુ : છેલ્લાં ૮ મહિનામાં ૪૫૨ મોટી કંપનીઓ નાદાર

વોશિગ્ટન,તા.૧૨



વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાની વાત કરીએ તો હજુ પણ અમેરિકાનું નામ લેવામાં આવે છે. કારણ કે વિશ્વની ટોચની કંપનીઓ ત્યાં છે. અમેરિકા પણ એક વિકસિત રાષ્ટ્ર છે. પરંતુ હવે ત્યાં બધું બરાબર નથી ચાલી રહ્યું. છેલ્લા ૮ મહિનામાં કુલ ૪૫૨ કંપનીઓએ એક પછી એક પોતાને નાદાર જાહેર કરી છે.

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને વર્તમાન ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ આમને-સામને છે. કોણ જીતશે? આ પરિણામના આધારે નક્કી થશે, પરંતુ અમેરિકાના આગામી રાષ્ટ્રપતિનો કાર્યકાળ આસાન નથી. એક તરફ દેશ મંદીની આગ પાસે ઉભો છે. કેટલાક નિષ્ણાતો કહી રહ્યા છે કે મંદી આવી ચૂકી છે, જ્યારે અન્ય માને છે કે વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવતો દેશ ટૂંક સમયમાં મંદીમાં સપડાઈ જશે.

વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાની વાત કરીએ તો હજુ પણ અમેરિકાનું નામ લેવામાં આવે છે. કારણ કે વિશ્વની ટોચની કંપનીઓ ત્યાં છે. અમેરિકા પણ એક વિકસિત રાષ્ટ્ર છે. પરંતુ હવે ત્યાં બધું બરાબર નથી ચાલી રહ્યું. છેલ્લા ૮ મહિનામાં કુલ ૪૫૨ કંપનીઓએ એક પછી એક પોતાને નાદાર જાહેર કરી છે.

છેલ્લા કેટલાક મહિનામાં સેંકડો અમેરિકન કંપનીઓએ પોતાને નાદાર જાહેર કરી છે.

# શંભુ બોર્ડર ખોલવા માટે હવે સુપ્રીમ કોર્ટ દ્વારા રચાયેલી સમિતિ ખેડૂતો સાથે સીધી વાત કરશે

(એ.આર.એલ),ચંડીગઢ,તા.૧૨



શંભુ બોર્ડર ખોલવા માટે સુપ્રીમ કોર્ટે રચેલી હાઈ પાવર કમિટી હવે ખેડૂતો સાથે સીધી વાત કરશે. સમિતિએ હરિયાણા ભવન, ચંદીગઢમાં પંજાબ અને હરિયાણાના મુખ્ય સચિવો અને ડીજીપી સાથે બેઠક યોજી હતી. બંને રાજ્યોના મુખ્ય સચિવો અને ડીજીપીએ સમિતિની અધ્યક્ષતા કરી રહેલા નિવૃત્ત જસ્ટિસ નવાબ સિંહ સમક્ષ સ્ટેટસ રિપોર્ટ આપ્યો હતો. લગભગ બે કલાક સુધી ચાલેલી બેઠકમાં જૂથોની માંગણીઓ અને શંભુ સરહદે ખેડૂતોની કોંક્રિટ માર્ચ પછીના વિકાસ અંગે રજૂ કરાયેલી માંગણીઓ પણ સમિતિ સાથે શેર કરવામાં આવી હતી. બેઠકમાં હાજર પંજાબના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે સમિતિ ૧૩ સપ્ટેમ્બરે શંભુ બોર્ડર પર ખેડૂત જૂથોના નેતાઓને મળી શકે છે. ખેડૂત જૂથોને મળ્યા પછી, સમિતિ એક અહેવાલ તૈયાર કરશે અને શંભુ સરહદ ખોલવા અંગે તેમના મંતવ્યો સાંભળ્યા પછી તેને સુપ્રીમ કોર્ટની બેંચ સમક્ષ રજૂ કરશે.

# કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયાના મહાસચિવ સીતારામ યેચુરીનું નિધન

ન્યુ દિલ્હી,તા.૧૨



કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસવાદી)ના મહાસચિવ સીતારામ યેચુરીનું ૭૨ વર્ષની વયે નિધન થયું છે. ૧૯ ઓગસ્ટના રોજ ન્યુમોનિયાને કારણે તેમને દિલ્હી AIIMSમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૨૫ દિવસથી તેમની સારવાર ચાલી રહી હતી. CPI(M) દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ' સીતારામ યેચુરીને શ્વાસનળીમાં ગંભીર ઈન્ફેક્શન થયું હતું. ડોક્ટરોની ટીમ તેમની સારવાર કરી રહી હતી. સારવાર દરમિયાન આજે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. સમાચાર એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર, તેમને ૧૯ ઓગસ્ટના રોજ ભારે તાવ આવતાં એમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પેરિસ પેરાલિમ્પિક રમતવીરોને મળ્યા, મેડલ વિજેતાઓને શુભેચ્છા પાઠવી

નવીદિલ્હી,તા.૧૨



ફ્રાન્સની રાજધાની પેરિસમાં ૨૮મી ઓગસ્ટથી ૮મી સપ્ટેમ્બર દરમિયાન યોજાયેલી પેરાલિમ્પિક ગેમ્સમાં આ વખતે ભારતીય પેરા એથ્લેટ્સે શાનદાર પ્રદર્શન કર્યું હતું જેમાં તેઓ અગાઉના તમામ રેકોર્ડ તોડીને કુલ ૨૯ મેડલ જીતવામાં સફળ થયા હતા. તમામ પેરા એથ્લેટ્સ દેશમાં પરત ફર્યા બાદ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના નિવાસસ્થાને તેમને મળ્યા હતા અને મેડલ વિજેતાઓને અભિનંદન પણ પાઠવ્યા હતા. આ વખતે પેરાલિમ્પિક ગેમ્સમાં રેકોર્ડ ૭ ગોલ્ડ મેડલ જીતવા ઉપરાંત ભારતે ૯ સિલ્વર અને ૧૩ બ્રોન્ઝ મેડલ પણ જીત્યા હતા. પેરિસ પેરાલિમ્પિક એથ્લેટ્સ સાથેની તેમની મુલાકાત દરમિયાન, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચંદ્રક વિજેતાઓને અભિનંદન આપ્યા હતા અને તેમની સાથે વાત પણ કરી હતી. આ બેઠક દરમિયાન રમતગમત મંત્રી મનસુખ માંડવિયા અને પેરાલિમ્પિક કમિટી ઓફ ઈન્ડિયાના વડા દેવેન્દ્ર ઝાઝડિયા પણ હાજર હતા.

**પોલીસે ૨૦૧ છોકરીઓ સહિત ૪૦૦થી વધુ બાળકોને બચાવ્યા**

# મલેશિયામાં જાતીય શોષણનો પર્દાફાશ : પોલીસે મૌલવીઓ સહિત ૧૭૧ની ધરપકડ કરી

(એ.આર.એલ),મલેશિયા,તા.૧૨



મલેશિયાની પોલીસે ૨૦ ઈસ્લામિક ચેરિટી હોમમાં બાળકોના જાતીય શોષણનો પર્દાફાશ કર્યો છે. બે રાજ્યોમાં પાડવામાં આવેલા દરોડા દરમિયાન પોલીસે ૨૦૧ છોકરીઓ સહિત ૪૦૦થી વધુ બાળકોને બચાવ્યા હતા. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે દરોડા દરમિયાન ટીમે મૌલવીઓ સહિત ૧૭૧ લોકોની ધરપકડ કરી હતી. હકીકતમાં, આ મહિનાની શરૂઆતમાં, પોલીસ સમક્ષ ફરિયાદ મળી હતી કે ચેરિટી હોમમાં બાળકો સાથે દુર્વ્યવહાર, જાતીય સતામણી અને છેડતી જેવી ઘટનાઓ બની રહી છે. મલેશિયાના ટોચના પોલીસ અધિકારી રઝારુદ્દીન હુસૈને એક પ્રેસ કોન્ફરન્સમાં ખુલાસો કર્યો હતો કે આ તમામ ચેરિટી હોમ્સ ગ્લોબલ ઈખ્વાન સર્વિસિસ એન્ડ બિઝનેસ દ્વારા સંચાલિત હતા.

**દિલ્હીની એક અદાલતે કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૨૫ સપ્ટેમ્બર સુધી લંબાવી હતી**

# મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જામીન અરજી પર હવે સુપ્રીમ કોર્ટ આજે પોતાનો ચુકાદો સંભળાવશે

નવીદિલ્હી,તા.૧૨



જેલમાં બંધ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અરજી પર સુપ્રીમ કોર્ટ આજે પોતાનો ચુકાદો આપશે. દિલ્હીના સીએમ કેજરીવાલે દારૂ નીતિ કેસમાં જામીન અને સીબીઆઈ દ્વારા ધરપકડ રદ કરવાની માંગ કરી છે. સીબીઆઈ દ્વારા કરાયેલી ધરપકડને પડકારતી દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જામીન અરજી પર હવે સુપ્રીમ કોર્ટ પોતાનો ચુકાદો સંભળાવશે. અગાઉ, દિલ્હીની એક અદાલતે બુધવારે આમ આદમી પાર્ટી નેતા દુર્ગેશ પાઠકને દારૂ નીતિ કૌભાંડ સંબંધિત ભ્રષ્ટાચારના કેસમાં જામીન આપ્યા હતા. સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન આ કેસની તપાસ કરી રહી છે. સ્પેશિયલ જજ કાવેરી બાવેજાએ જોકે આ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૨૫ સપ્ટેમ્બર સુધી લંબાવી હતી.

# યુપીના હરદોઈમાં શોર્ટ સર્કિટથી ટ્રેનમાં બ્લાસ્ટ કરવાનું કાવતરુ રચાયુ હોવાની રેલવેને આશંકા

લખનૌ,તા.૧૨




કોલકાતાથી અમૃતસર જઈ રહેલી દુર્ગિયાના એક્સપ્રેસ (૧૨૩૫૭) ઓએચઈ વાયર સાથે અથડાયા બાદ યુપીના હરદોઈમાં જોરદાર વિસ્ફોટ થયો હતો. આ ટ્રેન બુધવારે સવારે ૩.૩૦ વાગ્યે લખનૌથી રવાના થઈ હતી. સવારે પાંચ વાગ્યે ઉમરતલી સ્ટેશનથી પસાર થતાંની સાથે જ તે ટ્રેક પર લટકતા ઓએચઈ વાયર સાથે અથડાઈ હતી. ટ્રેન અથડાયા બાદ લાઈનમાં વિસ્ફોટ સાથે ખામી સર્જાઈ હતી. હવે રેલવેએ આ મામલામાં ઉંડા ષડયંત્રની આશંકા વ્યક્ત કરી છે. વાસ્તવમાં આ સમગ્ર ઘટના બુધવારે બની હતી. દુર્ગિયાના એક્સપ્રેસ ટ્રેક પર લટકતા ઓએચઈ વાયર સાથે અથડાઈ હતી. પાયલોટે ટ્રેન રોકીને ઉમરાલી અને દેલનગર સ્ટેશનને જાણ કરી હતી. માહિતી મળતાની સાથે જ લખનૌથી આવતી તમામ ટ્રેનોને રોકી દેવામાં આવી હતી. લગભગ છ કલાક બાદ ડીઝલ એન્જિનથી દુર્ગિયાના એક્સપ્રેસ શરૂ કરવામાં આવી હતી. આ ઘટના બાદ રાજધાની અને વંદે ભારતને અલગ-અલગ રૂટ પર મોકલવામાં આવી હતી. આ સાથે લગભગ બે ડઝન ટ્રેનોના રૂટ બદલવામાં આવ્યા હતા. રેલવેએ બે ટ્રેનો રદ કરી હતી.

# બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર યથાવત, અઝાન સમયે પૂજા-કીર્તન કરવા પર રોક લગાવી

**દુર્ગા પૂજા પંડાલોમાં પણ અઝાન વખતે પૂજા કરતા રોકવામાં આવી રહ્યાં છે**

(એ.આર.એલ),ઢાકા,તા.૧૨



બાંગ્લાદેશમાં નવી સરકાર બન્યા બાદ પણ હિંદુઓ પરના અત્યાચારમાં કોઈ ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા નથી. હવે બાંગ્લાદેશ સરકારે હિંદુઓની પૂજા પર અંકુશ લગાવવા માટે નવા આદેશ આપ્યા છે. બાંગ્લાદેશમાં શેખ હસીનાના સત્તા પરિવર્તન બાદથી હિન્દુઓને સતત નિશાન બનાવવામાં આવી રહ્યા છે. બાંગ્લાદેશમાં અત્યાર સુધીમાં કુલ ૩૦૦ થી વધુ હિન્દુ પરિવારો અને તેમના ઘરો પર હુમલા કરવામાં આવ્યા છે અને હિંદુઓ વિરુદ્ધ મોબ લિંચિંગની ચાર ઘટનાઓ નોંધવામાં આવી છે.૧૦ થી વધુ હિન્દુ મંદિરોમાં તોડફોડ કરવામાં આવી હતી અને આગ લગાવવામાં આવી હતી. ઉપરાંત, અત્યાર સુધીમાં ૪૯ હિંદુ શિક્ષકોએ રાજીનામું આપી દીધું છે અને વિવિધ યુનિવર્સિટીઓ અને કોલેજોમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. બાંગ્લાદેશની હાલત પાકિસ્તાન જેવી થઈ ગઈ છે અને હિંદુઓની હત્યા કે હિંદુઓ વિરુદ્ધ કાર્યવાહી બંને સામાન્ય બની ગયા છે. એટલું જ નહીં, હિન્દુઓની હત્યા કરનારા આતંકવાદીઓને જેલમાંથી પણ છોડવામાં આવી રહ્યા છે. વાત અહીં અટકતી નથી હવે દુર્ગા પૂજા પંડાલોમાં અઝાન વખતે પણ હિન્દુઓને પૂજા કરતા રોકવામાં આવી રહ્યા છે.

પથ્થરમારામાં કોઈને ઈજા નહી, કારને નુકસાન

# નખત્રાણામાં ગણેશ વિસર્જન કરી પરત ફરી રહેલા યુવકો પર પથ્થરમારો : ૪ની ધરપકડ

ભુજ,તા.૧૨

સુરતમાં ગણેશ પંડાલ પર પથ્થરો ફેંકી કાંકરીચાળાની ઘટના હજુ શાંત પડી નથી ત્યાં કચ્છમાંથી પણ આવી એક ઘટના સામે આવી છે. અસામાજિક તત્વો દ્વારા ભુજના નખત્રાણામાં ગણેશ મૂર્તિનું વિસર્જન કરી પરત ફરેલા યુવકો પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. જેમાં પોલીસે ચાર વ્યક્તિઓની ધરપકડ કરી કડક કાર્યવાહી કરવા સાથે લોકોને શાંતિ જાળવવા જાહેર અપીલ પણ કરી હતી. ગઈકાલે મોડી સાંજે ભુજથી ગણેશ વિસર્જન માટે ગયેલા ગણેશ ભક્તો પર અસામાજીક તત્વોએ પથ્થર ફેંકયા હતા. જો કે સદનસીબે કોઈને આ ઘટનામાં ઈજા પહોંચી



નથી પરંતુ પથ્થર કારમાં લાગતા કારમાં નુકસાન પહોંચ્યુ હતું. ઘટનાની જાણ થતા પોલીસ ઘટના સ્થળ પર તપાસ અર્થે પહોંચી હતી. સાથે હિન્દુ યુવા સંગઠન ભારત અને વીએચપી જેવા સંગઠનો પણ ઘટના સ્થળે દોડી ગયા હતા. નખત્રાણા તાલુકાના કોટડા(જ) માં ગણેશ મૂર્તિ પર પથ્થર ફેંકાયા બાદ વધુ એક મામલાથી દોડધામ મચી હતી. પોલીસ તપાસ બાદ મામલો વધુ સ્પષ્ટ થશે.

# પાટણમાં એસટી બસ સાથે બાઈક અથડાતા મહિલા સહિત ત્રણના મોત

**અકસ્માત બાદ બાઈક સળગી ઉઠ્યુ, પોલીસ ઘટનાસ્થળે દોડી**

(એ.આર.એલ),પાટણ,તા.૧૨

પાટણના સમી-રાધનપુર હાઈવે પર બાઈક અને એસટી બસ વચ્ચે ગમખ્વાર અકસ્માતની ઘટના બની છે. જેમાં એસટી બસ સાથે ટક્કર થતા બાઈક સળગી ઉઠ્યું હતું. આ અકસ્માતની ઘટનામાં બાઈક પર સવાર એક મહિલા સહિત ત્રણના મોત થયા છે. મળતી માહિતી પ્રમાણે, પાટણના સમી-રાધનપુર હાઈવે પરથી પસાર થઈ રહેલી દિયોદરથી વડોદરા જતી એસટી બસનો ત્રિપલ સવારી બાઈક સાથે અકસ્માત સર્જાયો હતો. સમીથી કડિયાકામ પતાવીને રાધનપુર જઈ રહેલા બાઈક પર સવાર બે



યુવક અને એક મહિલાનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. એસટી બસ સાથે બાઈકની ટક્કર વાગતા બાઈક પર સવાર મંજુલાબહેન, પ્રવિણભાઈ દેવીપૂજક અને મુકેશભાઈ ઠાકોરનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. આ ગંભીર અકસ્માતની ઘટના બાદ થોડી જ વારમાં બાઈક સળગી ઉઠ્યું હતું. સમી-રાધનપુર હાઈવે પર આ ગમખ્વાર અકસ્માત બાદ સમી પોલીસ અને ૧૦૮ની ટીમ ઘટના સ્થળે દોડી આવીને ત્રણેય મૃતદેહને હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતા.

# જામનગરમાં દંપતીએ ઝઘડો થતા ઝેર ગટગટાવ્યું : પત્નીનું મોત

જામનગર,તા.૧૨

જામનગરમાં રાંદલનગર વિસ્તારમાં રહેતી પાયલબેન રમેશભાઈ કુકડીયા નામની ૩૪ વર્ષની પરણીતા, કે જે ગત ૬-૯-૨૦૨૪ના દિવસે પોતાના પતિ રમેશભાઈ તથા પોતાની બે પુત્રીઓ સાથે જામનગરથી જોડિયા તાલુકાના જામદુધઈ ગામે રહેતી પોતાની માતા ઉષાબેન ચમનભાઈ ચૌહાણના ઘેર આંટો મારવા માટે ગઈ હતી. જ્યાં જામનગર પરત આવવા બાબતે પતિ-પત્ની બંને વચ્ચે ઝઘડો થયો હતો, જેમાં પાંચ દિવસ પહેલાં પાયલબેને આવેશમાં આવી જઈ ઝેરી દવા પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન તેના પતિ રમેશભાઈએ પણ ઝેર પી લીધું હતું. તેથી બંને પતિ પત્નીને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સૌપ્રથમ સારવાર માટે જોડિયાની સરકારી હોસ્પિટલમાં અને ત્યારબાદ વધુ સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જયાં પાંચ દિવસની સારવાર બાદ પાયલબેનનું મૃત્યુ નિપજ્યું છે, જ્યારે પતિ રમેશભાઈ ICUમાં હાલ સારવાર હેઠળ છે.

# રાજયમાં તા. ૧૭ના રોજથી ૧૦મા તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાશે

**રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આપી માહિતી**

ગાંધીનગર,તા.૧૨

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, રાજ્યમાં તા. ૧૭ સપ્ટેમ્બર થી સેવા સેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કાનો પ્રારંભ થશે. જે તા. ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ સુધી કાર્યરત રહેશે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા દીઠ ૦૩ કાર્યક્રમ અને શહેરી વિસ્તારમાં પણ મહાનગરપાલિકા દીઠ ૦૨ તથા નગરપાલિકા દીઠ ૦૨ કાર્યક્રમોનું આયોજન કરાશે. સેવા સેતુના ૧૦માં તબક્કામાં વિશેષ એ રહેશે કે આ વખતે કુલ ૫૫ સેવાઓનો ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં સમાવેશ કરાયો છે. જેમાં સામાન્ય વહિવટ વિભાગ, નાણા વિભાગ, મહેસૂલ વિભાગ, શ્રમ અને



રોજગાર વિભાગ જેવા વિવિધ વિભાગોની કુલ ૫૫ સેવાઓનો લાભ લાભાર્થીઓને સ્થળ પર જ મળશે. રાજ્યમાં છેલ્લા ૯ તબક્કામાં યોજાયેલ સેવા સેતુ કાર્યક્રમની ફળશ્રુતિ વિશે મંત્રીએ જણાવ્યું કે, અત્યાર સુધીમાં ૯ તબક્કામાં સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત કુલ ૨.૮૯ કરોડથી વધુ લાભાર્થીઓએ લાભ મેળવ્યો છે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, સેવા સેતુ કાર્યક્રમમાં અત્યાર સુધીમાં ૨,૮૯,૯૮,૩૪૯ અરજીઓ મળી હતી, જે પૈકી ૨,૮૯,૬૫,૦૬૪ અરજીઓ એટલે કે, ૯૯.૮૮ ટકા અરજીઓનો સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો છે.

# કરોડોની છેતરપિંડી મામલે સ્વામિનારાયણ સ્વામીઓ સામે લૂકઆઉટ નોટિસ જાહેર

રાજકોટ,તા.૧૨


રાજકોટમાં રૂપિયા ૩.૦૪ કરોડની છેતરપિંડીને લઈ કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં ૪ સ્વામીઓ સામે લૂકઆઉટ નોટિસ ઈસ્યુ થઈ છે. તેમાં એમપી સ્વામી, જે.કે.સ્વામી, દેવ પ્રકાશસ્વામી સામે નોટિસ જાહેર કરવામાં આવી છે. જમીન મકાનના ધંધાર્થી સાથે સ્વામીઓએ છેતરપિંડી કરી હતી. અરવલ્લીના બાયડમાં જમીન ખરીદવા છેતરપિંડી કરાઈ હતી. મંદિર અને ગૌશાળા જમીન ખરીદવા છેતરપિંડી કરતા શિક્ષક સહિત ૩ની ધરપકડ કરવામાં આવી છે. જેમાં આરોપીઓ હાલ રિમાન્ડ પર છે. રાજકોટમાં જમીન મકાનના ધંધાર્થી સાથે રૂપિયા ૩.૦૪ કરોડના છેતરપિંડીના મામલે ૪ સ્વામીઓ સામે લૂકઆઉટ નોટિસ ઈસ્યુ કરવામાં આવી છે. જેમાં માધવપ્રિય ઉર્ફે એમપી સ્વામી, જયકૃષ્ણ સ્વામી ઉર્ફે જે.કે. સ્વામી અને દેવપ્રકાશસ્વામી ઉર્ફે દર્શનપ્રિય સ્વામી સામે ગુજરાતમાં અલગ અલગ પોલીસ મથકમાં ૫ ગુના નોંધાયેલા છે.

# રાજયમાં આગામી ૭ દિવસ સુધી વરસાદની શક્યતા નહિવત : હવામાન વિભાગ

**મેઘરાજાએ વિરામ લેતા આકરો તાપ પડવાની સંભાવના**

અમદાવાદ,તા.૧૨

હવામાન વિભાગ દ્વારા ગુજરાત રાજ્યમાં આગામી સાત દિવસ કેવા પ્રકારનું વાતાવરણ રહેશે તે અંગે આગાહી કરવામાં આવી છે. જેમાં હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૭ દિવસ દરમિયાન સમગ્ર ગુજરાત રાજ્યમાં ભારે વરસાદની શક્યતા નહિવત છે. પરંતુ છુટાછવાયા કેટલાક વિસ્તારમાં આગામી બે દિવસ દરમિયાન ખૂબ જ હળવો વરસાદ વરસી શકે છે. ત્યારબાદના પાંચ દિવસ



દરમિયાન વરસાદની શક્યતા નહિવત છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં છેલ્લા એક સપ્તાહથી મેઘરાજાએ વિરામ લીધો છે જેને કારણે વિવિધ જિલ્લાઓના મહત્તમ તાપમાનમાં પણ વધારો થયો છે. એટલે કે, વરસાદને કારણે જે તાપમાન સામાન્ય કરતાં નીચું જાય છે તે હવે સામાન્ય કે, તેના કરતાં પણ વધુ નોંધાઈ રહ્યું છે.

# અમદાવાદના સરખેજ નજીકથી વધુ ૧ કરોડનું એમ.ડી. ડ્રગ્સ ઝડપાયુ

અમદાવાદ,તા.૧૨

હજુ ૬ સપ્ટેમ્બરે અમદાવાદની વટવા GIDCમાંથી ૨૦૦ કિલો ગાંજાનો જથ્થો પકડાયો હતો. આ બનાવને હજુ ૬ દિવસ જ થયા છે ત્યાં ફરીથી એક વખત અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે સરખેજ નજીકથી અંદાજે એક કરોડથી વધુની કિંમતનું એક કિલો એમડી ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. ડ્રગ્સ માફિયાઓએ આ વખતે ડ્રગ્સ છુપાવવા માટે નવી મોડસ ઓપરેન્ડી અપનાવી હતી. કારના ટાયરમાં ડ્રગ્સ છુપાવેલું હતું. પોલીસે ટાયર ખોલી પહેલા ટ્યૂબ બહાર કાઢી હતી. બાદમાં અંદર ટાયર ફરતે હાથ ફેરવ્યો તો બે પેકેટમાં એક કરોડનું એક કિલો



એમડી ડ્રગ્સ મળી આવ્યું હતું. ACP ક્રાઈમ ભરત પટેલે જણાવ્યું હતું કે, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગઈકાલે સરખેજ સર્કલ પાસેથી ૯૮૪ ગ્રામ એમડી ડ્રગ્સનો જથ્થો પકડ્યો છે. આ જથ્થો વિષ્ણુ નામનો આરોપી જે ઈડર તાલુકાના સદાપુરનો વતની છે ઉદયપુરથી આ જથ્થો મારૂતી ઈકો કારમાં સ્પેરવ્હીલમાં સંતાડીને લાવ્યા હતા. આ જથ્થાની ડિલિવરી સરખેજ સર્કલ પાસે રહેતા આસીફ હુસેનને કરવા જઈ રહ્યા હતા. ત્યારે બન્ને આરોપીને એમડી ડ્રગ્સના જથ્થા સાથે પકડી પાડવામાં આવ્યા હતા. આ એમડી ડ્રગ્સની કિંમત ૯૪.૮૬ લાખ છે. કુલ મુદ્દામાલની કિંમત ૧.૦૨ કરોડ થાય છે.

# રાજકોટમાં કોલેરા વકર્યો : એક મહિનામાં ૯ કેસ નોંધાયા

રાજકોટ,તા.૧૨

રાજકોટ શહેરમાં ચોમાસાની સિઝન બાદ રોગચાળો સતત વકરી રહ્યો છે. જેમાં ડેન્ગ્યુનાં દર્દીઓની સાથે જ કોલેરાનાં કેસમાં પણ સતત વધારો નોંધાઈ રહ્યો છે. સામાન્ય રીતે ત્રણ-ચાર મહિને કોલેરાનો એકાદ કેસ જોવા મળતો હોય છે. જેને બદલે છેલ્લા ૧ મહિનામાં કોલેરાનાં ૫ સહિત કુલ ૯ કેસ નોંધાયા છે. જેને પગલે અલગ-અલગ ૮ વિસ્તારોને કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. શહેરના તમામ વિસ્તારોમાં પાણીના સેમ્પલ લેવા સહિતની જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટમાં કોલેરાનાં કેસ સતત વધી રહ્યા છે. જેમાં તાજેતરમાં મોરબી રોડ ઉપર જુદા જુદા વિસ્તારમાં બે કેસ નોંધાતા આરોગ્ય વિભાગ દ્વારા મોરબી રોડ ઉપર સર્વેલન્સ વધારવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગના જણાવ્યા પ્રમાણે મોરબી રોડ પર રેલવે ક્રોસિંગ પાસે આવેલ સોમનગરમાં પાંચ વર્ષની એક બાળકીને ઝાડા-ઉલ્ટી થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવી હતી.

# રાજકોટમાં સુપ્રીમ કોર્ટની નકલી નોટિસ મોકલી નિવૃત્ત કર્મચારી સાથે રૂા. ૧ કરોડની ઠગાઈ

રાજકોટ,તા.૧૨

રાજકોટમાં રેસકોર્સ નજીક રહેતા નિવૃત્ત કર્મચારી સાથે રૂ. ૧ કરોડથી વધુની ઠગાઈ અંગે સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. ચીટીંગ કરનાર શખ્સોએ વૃદ્ધને "તમારી સામે ગુનો નોંધાયો છે અને ધરપકડ કરવાની છે" તેવી ધમકી આપી રૂપિયા પડાવ્યા હતા. સાથે જ સુપ્રીમ કોર્ટની નકલી નોટિસ પણ મોકલી હતી. બનાવની મળતી વિગત મુજબ બીપીસીએલના નિવૃત્ત કર્મચારી




અશ્વિનભાઈ માનસિંહ તલાટિયાને ગત ૯ જુલાઈના રોજ તેમના વોટ્સએપ નંબર પર કોલ આવ્યો હતો. હિન્દીમાં વાત કરનાર શખ્સે પોતાની ઓળખ મુંબઈ ક્રાઈમ બ્રાંચના પીઆઈ અજય પાટીલ તરીકે આપી હતી. તે શખ્સે કહ્યું હતું કે, તમારા વિરુદ્ધ મુંબઈ ક્રાઈમ બ્રાંચમાં એફઆઈઆર દાખલ થઈ છે. ત્યારબાદ અજય પાટીલ નામના શખ્સે અન્ય એક સિનિયર ઓફિસરની ઓળખ આપનાર વિનય ચોબે નામના શખ્સ સાથે વાત કરાવી હતી. તે શખ્સે કહ્યું હતું કે, "તમારું એરેસ્ટ વોરંટ નીકળ્યું છે, તમને ૨ કલાકમાં સીબીઆઈનો સ્ટાફ એરેસ્ટ કરી લેશે. હવે આ કેસ મારા હાથમાં નથી મારા સિનિયર આકાશ કુલહરી સાથે વાત કરો". આ અન્ય વ્યક્તિએ કહ્યું કે, "તમે એક એપ્લિકેશન ડાઉનલોડ કરો" તેમ કહી પ્રૌઢના મોબાઈલમાં લિંક મોકલી હતી. સાથે જ જણાવ્યું કે, "આ કેસમાંથી તમારે નીકળવું હોય તો સુપ્રીમ કોર્ટમાં હાજર થવું પડશે" તેમ કહીને સુપ્રીમ કોર્ટના સહી-સિક્કા વાળી નોટિસ મોકલી હતી.

# અમરેલી જિલ્લામાંથી પીઆઈ, પીએસઆઈ પ્રધાનમંત્રીના બંદોબસ્તમાં જોડાશે

અમરેલી,તા.૧૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે આવી રહ્યાં છે ત્યારે ગૃહ વિભાગ દ્વારા અમદાવાદમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ખાસ કરીને પોલીસકર્મીઓની રજાઓ પણ આ સમયગાળા દરમિયાન રદ કરી દેવામાં આવી છે. અમરેલી જિલ્લામાંથી પણ પોલીસ અધિકારીઓ અમદાવાદ ખાતે બંદોબસ્તમાં જોડાશે તેમ જાણવા મળ્યુ છે. આ અંગે જિલ્લા પોલીસ વડા હિમકર સિંહનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતુ કે, જિલ્લામાંથી પીઆઈ અને પીએસઆઈ કક્ષાના અધિકારીઓ પ્રધાનમંત્રીના આગમન સમયે બંદોબસ્તમાં રહેશે. જો પોલીસ કોન્સ્ટેબલની માંગણી કરાશે તો પોલીસ કોન્સ્ટેબલને પણ મોકલવામાં આવશે. આમ, જિલ્લામાંથી પીઆઈ અને પીએસઆઈ પણ પ્રધાનમંત્રીના બંદોબસ્તમાં હાજર રહેશે.




# તહેવાર ટાણે જ તેલના ભાવમાં ભડકો

અમદાવાદ,તા.૧૨

ગુજરાતમાં તેલના ભાવમાં ફરી એકવાર વધારો થયો છે. કપાસિયા તેલમાં ડબ્બે રૂ. ૭૫નો વધારો થયો છે. જ્યારે પામોલીન તેલમાં ૬૦ રૂપિયાનો વધારો થયો. તેલના ભાવ વધારા સાથે કપાસિયા તેલનો ડબ્બો ૧૭૯૦થી વધીને ૧૮૮૫ થયો અને પામોલીન તેલનો ડબ્બો ૧૬૦૫થી વધીને ૧૬૮૫ થયો. રાયડાના તેલમાં પણ રૂપિયા ૫૦ નો ભાવ વધારો તો કોપરેલમાં ૧૨૦ રૂપિયાનો ભાવ વધારો થયો છે.

